


PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 283
Dt.: 24-06-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### ૭૦ કિમી દૂર સુધી બારી-બારણાં ધ્રૂજ્યા

# કતારના LNG પ્લાન્ટમાં બ્લાસ્ટ: ૧૨ ભારતીયોના મોત, ૬૬ ઈજાગ્રસ્ત

## આ ઘટનાને એક 'ટેકનિકલ અકસ્માત' ગણાવ્યો છે અને મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દેવાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દોહા

કતારના પ્રખ્યાત રાસ લફાન લિક્વિફાઈડ નેચરલ ગેસ કોમ્પ્લેક્સમાં આવેલા બારઝાન ગેસ સપ્લાય પ્લાન્ટમાં એક ભીષણ વિસ્ફોટ થયો હતો. આ ભયાનક દુર્ઘટનામાં ૧૨ ભારતીય નાગરિકો સહિત કુલ ૧૩ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય ૬૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ બ્લાસ્ટ એટલો શક્તિશાળી હતો કે તેનો આંચકો ૭૦ કિલોમીટર દૂર કતારની રાજધાની દોહા સુધી અનુભવાયો હતો.

આ ઘટના અંગે કતારના ઊર્જા મંત્રી અને 'કતાર એનર્જી'ના ચીફ એક્ઝિક્યુટિવ સાદ અલ-કાબીએ પત્રકારો સાથે વાતચીત કરતા સત્તાવાર પુષ્ટિ કરી છે. તેમણે આ ઘટનાને એક 'ટેકનિકલ અકસ્માત' ગણાવ્યો છે અને મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને ઉચ્ચ સ્તરીય તપાસ શરૂ કરી દેવાઈ છે.મંત્રી સાદ અલ-કાબીએ ભાવુક થઈને નિવેદન આપ્યું હતું કે, હું આજે મારી જાતને એક એવા સ્થાને ઊભેલી જોઈ રહ્યો છું, જ્યાં મારે કંઈક એવું કરવું પડી રહ્યું છે જેની મેં હંમેશા આશા રાખી હતી કે ક્યારેય ન કરવું પડે. મારે આપણા ૧૩ લોકોના દુઃખદ અવસાનની જાહેરાત કરવી પડી રહી છે, જેઓ ભારતીય અને પાકિસ્તાની નાગરિકત્વ ધરાવતા હતા. આ સિવાય ૬૬ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે અને તેઓની તબીબી સારવાર ચાલી રહી છે, સદનસીબે તેમાંથી કોઈની પણ સ્થિતિ



જીવલેણ નથી. આ વિસ્ફોટની તીવ્રતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે રાસ લફાન ઈન્ડસ્ટ્રિયલ સિટીથી ૭૦ કિલોમીટર કરતાં વધુ દૂર આવેલા સેન્ટ્રલ દોહામાં પણ તેના આંચકા અનુભવાયા હતા. બ્લાસ્ટના કારણે દોહામાં ઘરોના બારી-બારણાં ધ્રૂજી ઉઠ્યા હતા, જેના લીધે સ્થાનિક રહીશોમાં ભારે ગભરાટ અને ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઊર્જા મંત્રીએ સ્પષ્ટ કર્યું છે કે આ દુર્ઘટનાથી કોઈ પર્યાવરણીય જોખમ ઊભું થયું નથી અને કતારની વૈશ્વિક LNG નિકાસ કામગીરીને કોઈ અસર થઈ નથી.દોહા સ્થિત ભારતીય દૂતાવાસે આ દુર્ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કરતાં જણાવ્યું કે ગઈકાલે રાત્રે રાસ લફાન ઈન્ડસ્ટ્રિયલ સિટીમાં બનેલી દુઃખદ ઘટનામાં જે લોકો કાળનો કોળિયો બન્યા છે, તેમના પરિવારો પ્રત્યે અમે અમારી ઊંડી સંવેદનશીલતા વ્યક્ત કરીએ છીએ. અમે આ ઘટનાથી પ્રભાવિત થયેલા ભારતીય નાગરિકો અને તેમના પરિવારોને તમામ સંભવિત સહાય પૂરી પાડવા માટે કામ કરી રહ્યા છીએ. આ વિસ્ફોટ એવા સમયે થયો છે જ્યારે આ પ્લાન્ટ તાજેતરમાં જ ઈરાન યુદ્ધ દરમિયાન થયેલા ભારે નુકસાનમાંથી રિકવર થઈ રહ્યો હતો. થોડા મહિના પહેલા જ ઈરાનની મિસાઈલોએ રાસ લફાનમાં આવેલા મુખ્ય ગેસ-પ્રોસેસિંગ યુનિટ્સને નિશાન બનાવ્યા હતા, જેના કારણે ત્યાંના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું નુકસાન થયું હતું અને ઉત્પાદન ઠપ થઈ ગયું હતું. આ પ્લાન્ટ ડિસેમ્બર ૨૦૨૫થી મેઈન્ટેનન્સના કારણે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો હતો અને દુર્ઘટનાના માત્ર બે દિવસ પહેલા જ તેને ફરીથી શરૂ કરવામાં આવ્યો હતો.

### ભારતીય અર્થતંત્ર માટે ખતરાની ઘંટી વાગી

## કોર સેક્ટરનો વૃદ્ધિદર મેમાં સાત મહિનાના તળિયે પહોંચી ૦.૫ ટકા થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના કોર સેક્ટરનો વૃદ્ધિદર સાત મહિનાના તળિયે પહોંચતા મેમાં ૦.૫ ટકા થયો છે. જ્યારે એપ્રિલમાં કોર સેક્ટરનો વૃદ્ધિદર ૧.૮ ટકા હતો. કોલસા અને પેટ્રોલિયમ પ્રોડક્ટ્સમાં જોવા મળેલા નોંધપાત્ર સંકોચનના લીધે આ ઘટાડો જોવા મળ્યો છે, એમ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જારી કરેલા ડેટામાં જણાવાયું હતું. ઈન્ડેક્સમાં ૨૮.૪ ટકા ભારાંક ધરાવતા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સમાં વૃદ્ધિદર ૪૨ મહિનાની નીચી સપાટીએ ૮.૭ ટકા છે. જ્યારે કોલસાનું ઉત્પાદન ૧૦ મહિનાની નીચી સપાટી ૯.૩ ટકા નોંધાયું છે.

બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસના જણાવ્યા મુજબ કંપનીઓએ વધુને વધુ કાર્યક્ષમ રીતે ઈન્વેન્ટરી સંચાલન પર ધ્યાન કેન્દ્રિત કરતાં કોલસાએ નકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. ગયા વર્ષે મેના ૧.૨ ટકાની તુલનાએ આ વર્ષે નીચી વૃદ્ધિ જોવા મળી છે કારણ કે પ્રતિકૂળ બેઝ ઈફેક્ટના લીધે પેટ્રોલિયમ સેક્ટરના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

આંકડાએ વધુમાં બતાવ્યું છે કે મહિના દરમિયાન આઠમાંથી પાંચ કોર સેક્ટરે ઘટાડો નોંધાવ્યો હતો. ફક્ત સ્ટીલ, સિમેન્ટ અને વીજ ક્ષેત્રએ જ વૃદ્ધિ નોંધાવી હતી.

ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ગયા મહિનાના ૩.૯ ટકાની તુલનાએ ૪.૬ ટકા ઘટ્યું છે. નેચરલ ગેસનું ઉત્પાદન ત્રણ મહિનાના નીચલા સ્તરે પહોંચીને ૪.૯ ટકા થયું છે. ખાતર ઉત્પાદન ક્ષેત્રે સ્થિતિ હળવી થઈ છે અને એપ્રિલના ૮.૬ ટકા ઘટાડા સામે મેમાં ફક્ત ૦.૯ ટકા ઘટાડો નોંધાયો હતો. સબનવીસે જણાવ્યું હતું કે ક્રુડ ઓઈલ, નેચરલ ગેસ અને રિફાઈનરી પ્રોડક્ટ્સના ઉત્પાદનમાં ઘટાડાનુ કારણ ક્રૂડ ઓઈલની મોટાપાયા પર આયાત અને તેના હળવા બનેલા ભાવ છે. નેચરલ ગેસના કિસ્સામાં જોઈએ તો સપ્લાય ચેઈનની તકલીફ દૂર કરવામાં આવતા સ્થાનિક ઉત્પાદનમાં ઘટાડો થયો હતો. આ ઉપરાંત પેટ્રો પ્રોડક્ટ્સની નીચી નિકાસે પણ ઉત્પાદનમાં થયેલા ઘટાડામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બીજી બાજુએ વીજ ઉત્પાદન વધીને ૨૪ મહિનાની ઊંચી સપાટીએ પહોંચતા મેમાં ૮.૭ ટકા થયુ હતુ, જ્યારે એપ્રિલમાં તે ૫.૬ ટકા હતું. તેનું કારણ ભારે ગરમીના લીધે ઊંચી વીજ માંગ હતી. તેમા પણ પુનઃપ્રાપ્ય ઉર્જાનો હિસ્સો સૌથી વધુ હતો અને કોલસા આધારિત વીજળીનો હિસ્સો સૌથી ઓછો હતો. તેના લીધે ઈલેક્ટ્રિસિટી ઈન્ડેક્સ ઓલટાઈમ હાઈ પર પહોંચતા ૨૩૭.૫ થઈ ગયો હતો. વીજ ક્ષેત્રની તેજીના લીધે કોર સેક્ટરને મેમાં પોઝિટિવ રહેવામાં સફળતા મળી હતી.

સિમેન્ટ સેક્ટરે ત્રણ મહિનાનો ઊંચો ઉત્પાદન વૃદ્ધિદર ૮.૪ ટકા નોંધાવ્યો હતો. જ્યારે સ્ટીલ સેક્ટરે પાંચ ટકાનો વૃદ્ધિદર નોંધાવ્યો હતો. કોર સેક્ટર ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)માં ૪૦ ટકા હિસ્સો ધરાવે છે. બેંક ઓફ બરોડાનું માનવું છે કે મેમાં આઈઆઈપી વૃદ્ધિ એકથી ૧.૫ ટકાની વચ્ચે રહેશે.જ્યારે ઈકરાની રેન્જ બેથી ત્રણ ટકાની રહેશે.ઓક્ટોબર ૨૦૨૫માં ૦.૧ ટકાનું સંકોચન નોંધાવ્યા પછી ઈન્ડેક્સ ઓફ એઈટ કોર ઈન્ડસ્ટ્રીઝ (આઈસીટી)એ સૌથી ધીમો વિસ્તરણ દર નોંધાવ્યો છે.

### મોટો નિર્ણય લેવાની તૈયારીમાં સરકાર

## અલ-નીનો અને ઈથેનોલના કારણે ભારતમાં ખાંડનું સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત વિશ્વના અગ્રણી ખાંડ ઉત્પાદક દેશોમાં સ્થાન ધરાવે છે, પરંતુ આગામી વર્ષોમાં આ ચિત્ર બદલાઈ શકે છે. હવામાન નિષ્ણાતોના મતે, આ વર્ષે અલ-નીનોની અસરને કારણે સામાન્ય કરતાં ઓછો વરસાદ થવાની આશંકા છે. આ સિવાય સરકારના ઈથેનોલ બ્લેન્ડિંગ પ્રોગ્રામ પર વધતા ફોકસને લીધે પણ શેરડીનો વપરાશ ઝડપથી વધી રહ્યો છે. બજારના નિષ્ણાતોનું કહેવું છે કે આ પરિસ્થિતિને જોતાં આગામી ઓછામાં ઓછા ૩ વર્ષ સુધી ભારત પાસે મોટા પાયે નિકાસ કરવા માટે વધારાની ખાંડ ઉપલબ્ધ નહીં રહે.

ભારતમાં શેરડીની ખેતીનો મોટો આધાર ચોમાસા પર રહેલો છે. હવામાન વિભાગના અંદાજ પ્રમાણે આ વર્ષે વરસાદ ઓછો રહી શકે છે અને જૂન મહિનામાં પણ દેશના ઘણા વિસ્તારોમાં ઓછી વર્ષા થઈ છે. પાણીની અછતની ભીતિને કારણે હવે કેટલાક ખેડૂતો શેરડીને બદલે સોયાબીન, તુવેર અને અન્ય ઓછું પાણી માગતા પાકો તરફ વળી રહ્યા છે. જો આ ટ્રેન્ડ ચાલુ રહેશે તો આગામી સીઝનમાં શેરડીના વાવેતર અને ઉત્પાદન બંને પર માઠી અસર પડી શકે છે.

ઉદ્યોગ જગતના આંકડા અનુસાર, ૨૦૨૫-૨૬ની સીઝનમાં ભારતનું ખાંડ ઉત્પાદન ઘટીને આશરે ૨.૭૯ કરોડ ટન રહેવાની ધારણા છે. તેની સામે દેશમાં દર વર્ષે ખાંડની ઘરઆંગણે વપરાશ લગભગ ૨.૮૫ કરોડ ટન જેટલી થાય છે. એટલે કે દેશમાં ખાંડની જરૂરિયાત તેના ઉત્પાદન કરતાં વધુ રહેશે. આ તફાવતને કારણે ખાંડ મિલો પાસે બચેલો સ્ટોક ઘટીને માત્ર ૩૫ લાખ ટન આસપાસ રહી જશે, જે છેલ્લા કેટલાક દાયકાઓનું સૌથી નીચું સ્તર હશે.

સરકાર ક્રૂડ ઓઈલના આયાત બિલને ઘટાડવા માટે પેટ્રોલિયમમાં ઈથેનોલનું પ્રમાણ વધારવા પર ખાસ ભાર મૂકી રહી છે. આ માટે શેરડી અને તેના બાય-પ્રોડક્ટ્સનો ઉપયોગ ઈથેનોલ બનાવવામાં મોટા પાયે થઈ રહ્યો છે. હાલમાં દેશમાં ઈથેનોલની માગ આશરે ૧૨થી ૧૩ અબજ લીટર છે, જે આગામી વર્ષોમાં વધીને ૩૦ અબજ લીટર સુધી પહોંચી શકે છે. આ સંજોગોમાં શેરડીનો એક બહુ મોટો હિસ્સો ખાંડ બનાવવાના બદલે ઈથેનોલ ઉત્પાદન તરફ ડાયવર્ટ થઈ જશે.

### ભૂ-રાજકીય તણાવ, વેપારમાં અવરોધોની ભારત પર અસર થવાની આશંકા

## નબળા ચોમાસાથી મોંઘવારી ભડકે બળશે : આરબીઆઈ

### અમેરિકા-ઈરાનની શાંતિ સમજૂતી તૂટશે તો નાણાકીય અસ્થિરતાનું જોખમ, રોકાણ ઘટશે, ખાદ્યની સુરક્ષા સામે પડકાર સર્જાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ




નબળું દક્ષિણ પશ્ચિમ ચોમાસુ ડોમેસ્ટિક ગ્રોથ અને મોંઘવારીનાં અંદાજ માટે મુશ્કેલી ઉભી કરી શકે છે તેમ રિઝર્વ બેંકનાં બુલેટિનમાં સોમવારે જણાવવામાં આવ્યું છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે બીજી તરફ વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ હજુ પણ અનિશ્ચિત બનેલી છે. જૂનનાં બુલેટિનમાં અર્થતંત્રની સ્થિતિ પર છપાયેલા એક લેખમાં જણાવવામાં આવ્યું છે કે પશ્ચિમ એશિયામાં તાજેતરની વચગાળાની શાંતિ સમજૂતી છતાં જિયોપોલિટિકલ તંગદિલી અને વેપારમાં અવરોધો બનેલા છે. આર્ટિકલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા-ઈરાનની વચ્ચે વચગાળાની શાંતિ સમજૂતીથી થોડીક રાહત મળ્યા પછી પણ વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ નાજુક બનેલી છે. તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે જો આ સમજૂતી તૂટશે તો મોંઘવારીમાં વધારો, જરૂરી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં અવરોધ, રોકાણ ખર્ચમાં વિલંબ, ફૂડ સિક્યુરિટીની ચિંતાઓ, નાણાકીય સ્થિરતા પર ખરાબ અસર જેવા મોટા જોખમ ફરીથી પેદા થઈ શકે છે. મુશ્કેલ વૈશ્વિક વાતાવરણની વચ્ચે ખાનગી ખર્ચ અને ફિક્સ્ડ રોકાણનાં જોરે ભારતીય અર્થતંત્ર ૨૦૨૫-૨૬નાં ચોથા કવાર્ટરમાં ૭.૮ ટકાનાં દરે વધ્યું છે. શરૂઆતનાં બે મહિનાનાં હાઈ ફ્રિકવન્સી ઈન્ડિકેટર ૨૦૨૬-૨૭માં પણ અર્થતંત્રની ઝડપ બની રહેવાનાં સંકેત આપે છે. મેમાં વધારો છતાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઈ) આધારિત ફુગાવો અંકુશમાં રહ્યો છે. એફડીઆઈનાં ઈનફ્લો અને પૂરતા વિદેશી મુદ્રા ભંડારનાં જોરે ભારતનું બાહ્ય સેક્ટર મજબૂત બની રહ્યું છે. ભારતીય અર્થતંત્રે આ અનિશ્ચિત વાતાવરણમાં પણ અન્ય દેશોની સરખામણીમાં સારો દેખાવ કર્યો છે અને મજબૂત ફંડામેન્ટલ્સને કારણે તે આંચકા સહન કરી શક્યું છે.

### મોદી કેબિનેટમાં ફેરફારની અટકળો તેજ

## કેન્દ્રીય રાજ્યમંત્રી જ્યોર્જ કુરિયને આપ્યું રાજીનામું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જ્યોર્જ કુરિયન લઘુમતી બાબતો તેમજ માછીમારી, પશુપાલન અને ડેરી વિભાગમાં રાજ્યમંત્રી તરીકે ફરજ બજાવતા હતા. તેમનો રાજ્યસભાનો કાર્યકાળ પણ ૨૧ જૂને પૂર્ણ થયો હતો. આવી સ્થિતિમાં તેમણે અચાનક રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને રાજીનામું મોકલીને પાર્ટી હાઈકમાનને ચોંકાવી દીધા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સલાહ પર રાષ્ટ્રપતિએ સંવિધાનના કલમ ૭૫(૨) હેઠળ કેન્દ્રીય મંત્રિપરિષદમાંથી જ્યોર્જ કુરિયનનું રાજીનામું તાત્કાલિક અસરથી સ્વીકારી લીધું છે અને તેમને પદમુક્ત કર્યા છે.

૬૫ વર્ષીય જ્યોર્જ કુરિયન ઓગસ્ટ ૨૦૨૪થી પ્રધાનમંત્રી મોદીની કેન્દ્રીય કેબિનેટમાં રાજ્યમંત્રી (MoS) તરીકે કાર્યરત હતા. તેઓ BJPના વરિષ્ઠ નેતા છે અને ૧૯૮૦થી પાર્ટીના સભ્ય રહ્યા છે. કુરિયનનો જન્મ ૨૦ સપ્ટેમ્બર ૧૯૬૦ના રોજ કેરળના કોટ્ટાયમ જિલ્લાના એટ્ટુમાનૂર નગરપાલિકાના નામ્બિયાકુલમ વિસ્તારમાં થયો હતો. તેમણે શાળાકીય અભ્યાસ પૂર્ણ કર્યા બાદ કાયદા (લૉ)માં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ કર્યો હતો. તેમણે ૯ જૂન ૨૦૨૪ના રોજ કેન્દ્રીય રાજ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારબાદ ૧૧ જૂને લઘુમતી બાબતો મંત્રાલય અને માછીમારી, પશુપાલન અને ડેરી મંત્રાલયનો કાર્યભાર સંભાળ્યો હતો. તેઓ રાષ્ટ્રીય લઘુમતી આયોગના ઉપાધ્યક્ષ તેમજ પૂર્વ કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી ઓ. રાજગોપાલના OSD (ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યૂટી) તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

જ્યોર્જ કુરિયન કેરળ BJPના અગ્રણીઓમાં ગણાય છે અને તેમને અગાઉ રાજ્યસભા સાંસદ બનાવવામાં આવ્યા હતા. જોકે આ વખતે પાર્ટીએ તેમને ફરીથી રાજ્યસભામાં મોકલ્યા નથી. તેમની જગ્યાએ મધ્ય પ્રદેશમાંથી BJPના રાષ્ટ્રીય મહાસચિવ તરુણ ચુઘને રાજ્યસભા માટે પસંદ કરવામાં આવ્યા છે. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે કેરળ વિધાનસભા ચૂંટણીમાં પાર્ટીના નબળા પ્રદર્શનને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો હોઈ શકે છે. રાજ્યસભાની ટિકિટ ન મળવાથી નારાજ થઈને જ્યોર્જ કુરિયને કેન્દ્રીય રાજ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હોવાની અટકળો ચાલી રહી છે. જોકે રાજીનામા પાછળનું સચોટ કારણ હજુ સુધી જાહેર થયું નથી.

છેલ્લા કેટલાક દિવસોથી પ્રધાનમંત્રી મોદીની કેબિનેટમાં ફેરફાર થવાની ચર્ચાઓ ચાલી રહી છે. BJP એ હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી, પરંતુ બે કેન્દ્રીય મંત્રીઓની રાજ્યસભાની ટિકિટ કપાતા આ અટકળોને વધુ બળ મળ્યું છે. જ્યોર્જ કુરિયન સિવાય કેન્દ્રીયમંત્રી રવનીત સિંહ બિટ્ટૂની પણ રાજ્યસભાની ટિકિટ કપાઈ ગઈ હતી. હવે કુરિયનના રાજીનામા બાદ કેબિનેટ ફેરબદલની ચર્ચાઓ વધુ તેજ બની છે. બીજી તરફ, રવનીત સિંહ બિટ્ટૂ ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી લડશે અને રાજ્યની રાજનીતિમાં વધુ સક્રિય ભૂમિકા ભજવશે તેવી ચર્ચા છે. રાજકીય નિષ્ણાતોનું માનવું છે કે જ્યોર્જ કુરિયનને ભવિષ્યમાં પાર્ટી સંગઠનમાં મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી શકે છે.

## CISF દેશના મુખ્ય એરપોર્ટના ફેસિયલ રેકગ્નિશન ડેટાને એકત્ર કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ (CISF) દેશના મુખ્ય એરપોર્ટોમાંથી મળતા ફેસિયલ રેકગ્નિશન (ચહેરાની ઓળખ) ડેટાને એકત્ર કરવા માટે દિલ્હીમાં એક "ડેટા ફ્યુઝન સેન્ટર" સ્થાપવાની યોજના બનાવી રહ્યું છે, એમ એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. CISFના મહાનિર્દેશક (ડીજી) પ્રવીર રંજનના જણાવ્યા અનુસાર, આ પ્રસ્તાવ હાલમાં ગૃહ મંત્રાલયના વિચારાધીન છે.તેઓ પાટનગરમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા, જ્યાં ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારે અર્ધલશ્કરી દળના નવા હેડક્વાર્ટરનું ભૂમિપૂજન કર્યું હતું.

રંજને જણાવ્યું, "દિલ્હીમાં ડેટા ફ્યુઝન સેન્ટર સ્થાપવાનો પ્રસ્તાવ છે, જેના અંતર્ગત મુખ્ય એરપોર્ટોના ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમોને પરસ્પર જોડવાની યોજના છે. આ પ્રસ્તાવ ગૃહ મંત્રાલયના વિચારાધીન છે.

આગામી દિવસોમાં CISFની સુરક્ષા હેઠળની વિવિધ એકમોમાં સ્થાપિત લગભગ 1.50 લાખ CCTV કેમેરાઓને પણ એકીકૃત કરવાની યોજના છે." CISFના ડીજીએ વધુમાં જણાવ્યું હતું કે કે દળ તેની સુરક્ષા હેઠળની મહત્વપૂર્ણ સંસ્થાઓમાં એક સંકલિત કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર પણ સ્થાપી રહ્યું છે.

હાલમાં CISFની સુરક્ષા હેઠળ કુલ 359 એકમો છે, જેમાં એરોસ્પેસ, પરમાણુ અને વીજ ઉત્પાદન કેન્દ્રો ઉપરાંત 73 નાગરિક એરપોર્ટોનો સમાવેશ થાય છે.




# તંત્રી લેખ......

## બેદરકારીની આગ

થોડા સમય પહેલા, દેશની રાજધાનીમાં ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલી અને સંચાલિત હોટલમાં આગ લાગવાથી ૨૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. એવું માનવામાં આવતું હતું કે આ ભયાનક ઘટનામાંથી પાઠ શીખવા મળ્યો હોત, અને દેશના તમામ મુખ્ય શહેરોમાં, ઓછામાં ઓછા મુખ્ય શહેરોમાં, અગ્નિ સલામતીના પગલાંની સંપૂર્ણ સમીક્ષા કરવામાં આવી હોત. જો કે, ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌમાં એક વ્યાપારી ઈમારતમાં લાગેલી આગ દર્શાવે છે કે આવું નહોતું. આ ઘટનામાં બિલ્ડિંગમાં કાર્યરત કોચિંગ સેન્ટરના ૧૫ થી વધુ વિદ્યાર્થીઓએ જીવ ગુમાવ્યા હતા.

રાજ્ય સરકાર જણાવી રહી છે કે આગ લાગવાના કારણની સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને દોષિતોને છોડવામાં આવશે નહીં. જોકે, દર વખતે આવું જ બને છે. જ્યારે પણ આગમાં મોટી સંખ્યામાં લોકો માર્યા જાય છે, ત્યારે સરકાર અને વહીવટીતંત્ર થોડા દિવસો માટે કરુણા, સતર્કતા અને સક્રિયતા દાખવે છે, પરંતુ પછી બધું સામાન્ય થઈ જાય છે. આવી મોટાભાગની ઘટનાઓમાં, એવું જોવા મળે છે કે બિલ્ડિંગમાં પૂરતા ફાયર સેફટી પગલાંનો અભાવ હતો અથવા તે કામ કરી રહ્યા ન હતા. આગની ઘણી ઘટનાઓ દર્શાવે છે કે મોટી ઈમારતોમાં બધી પ્રવૃત્તિઓ ફાયર વિભાગ તરફથી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવ્યા વિના શરૂ કરવામાં આવે છે. એ પણ કોઈ રહસ્ય નથી કે તપાસ અહેવાલો સમયસર સબમિટ કરવામાં આવે તો પણ નક્કર પગલાં લેવામાં આવતા નથી. ઘણા કિસ્સાઓમાં, બિલ્ડિંગ માલિકોની પર્યાપ્ત ફાયર સેફટી પગલાં સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ રહેવા બદલ ધરપકડ કરવામાં આવે છે, પરંતુ દરેક બિલ્ડિંગમાં અસરકારક ફાયર સેફટી પગલાં છે તેની ખાતરી કરવા માટે જવાબદાર સરકારી એજન્સીઓના અધિકારીઓ અને કર્મચારીઓને ભાગ્યે જ કોઈ કડક કાર્યવાહીનો સામનો કરવો પડે છે. લખનૌમાં બનેલી આ દુઃખદ ઘટના હજુ પણ એ નક્કી કરવાનું બાકી છે કે આગ આટલી ભયાનક કેમ બની અને અંદર ફસાયેલા લોકોને બચાવવામાં કેમ નિષ્ફળ ગઈ, પરંતુ એમાં કોઈ શંકા નથી કે ક્યાંકને ક્યાંક બેદરકારી દાખવવામાં આવી હતી. અકસ્માતો ગમે ત્યાં થઈ શકે છે, પરંતુ જ્યારે સલામતીના પગલાં પ્રત્યે અવગણના અધર્મના સ્વરૂપમાં ફેરવાય છે ત્યારે તેમાં નોંધપાત્ર જાનહાનિ થાય છે. બેદરકારીની આ આગ માત્ર જીવ જ લઈ રહી નથી પણ દેશની બદનામી પણ લાવી રહી છે. દિલ્હી અને લખનૌ જેવી ઘટનાઓ દર્શાવે છે કે આપણા મુખ્ય શહેરોમાં પણ જાહેર સલામતી ભગવાનની દયા પર છોડી દેવામાં આવી છે. આપણે વિકસિત રાષ્ટ્ર બનવાની ઈચ્છા રાખીએ છીએ, પરંતુ સમાન પ્રથાઓ અપનાવવા તૈયાર નથી. આપણે ઘણીવાર આ માટે ભારે કિંમત ચૂકવીએ છીએ.

## સાબરકાંઠા જિલ્લા સંકલન સમિતિમાં ઈડર ધારાસભ્ય રમણલાલ વોરાએ મતવિસ્તારના પ્રશ્નો ઉઠાવ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર



સાબરકાંઠા જિલ્લામાં કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક અવાર નવાર યોજાતી હોય છે. જેમાં જિલ્લાના ધારાસભ્યો પોત પોતાના મતવિસ્તારના પ્રશ્નોને લઈ રજુઆતો કરતા હોય છે.

ત્યારે જિલ્લાના ઈડર-વડાલી મતવિસ્તારના ધારાસભ્ય રમણલાલ વોરા દ્વારા ઈડર-વડાલી મતવિસ્તારમાં નલ સે જલ યોજના અંતર્ગત વિસ્તારના લોકોને શુધ્ધ પીવાનુ પાણી મળી રહે તેને લઈ સંકલન સમિતિની બેઠકમાં મુદ્દો ઉઠાવી રજુઆત કરી હતી. તો બીજી તરફ રેલ્વે ગરનાળા તેમજ ખેડુતોની જમીન માપણી જેવા પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવા માટે સુચનો કરતા અધિકારીઓ દ્વારા પ્રશ્નોનો ઝડપી નિકાલ લાવવા માટે ધારાસભ્યશ્રીને ખાત્રી આપી હતી.

## સાબરકાંઠા બેંકની ૬૮ મી વાર્ષિક સાધારણ સભા હર્ષ ઉલ્લાસ સાથે સંપન્ન થઈ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ






સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાની આર્થિક જીવાદોરી સમાન તેમજ લોક હૃદયમાં આપણી બેંક તરીકે સ્થાન પામેલી ધી સાબરકાંઠા ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓપરેટીવ બેંક લી. હિંમતનગરની ૬૮ મી વાર્ષિક સાધારણ સભા બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર કાંકણોલ હિંમતનગર મુકામે તારીખ ૨૩/૬/૨૦૨૬ ના રોજ બેંકના પ્રથમ મહિલા ચેરપર્સન શ્રીમતી હંસાબેન મુકેશભાઈ પટેલના પ્રમુખસ્થાને યોજાઈ હતી.

સભાની શરૂઆતમાં બેંકના વર્તમાન ડીરેકટર સ્વ . કલ્પેશભાઈ ડી પટેલના દુઃખદ અવસાન તથા દીવ દમણ દાદરાનગર હવેલીના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના ધર્મપત્ની સ્વ. ભાવનાબેન પટેલના દુઃખદ અવસાન નિમિત્તે સભામાં ઉપસ્થિત સર્વેએ બે મીનીટ મૌન પાળી ભાવાંજલી અર્પણ કરી શોક ઠરાવ પસાર કર્યો હતો. આ પ્રસંગે સહકાર ભારતીના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ એ પટેલ, ધી સાબરકાંઠા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેઠાભાઈ પી પટેલ, ધી સાબરકાંઠા જીલ્લા સહકારી સંઘ લી. ના ચેરમેન જસુભાઈ જગુભાઈ પટેલ, બેંકનુ સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ , જિલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓના બોર્ડ ઓફ ડીરેકટર્સ, પૂર્વ વાઈસ ચેરમેન રાજેન્દ્રસિંહ એન ભાટી, પૂર્વ માનદ્ મેનેજીંગ ડીરેકટર પંકજભાઈ પટેલ, બેંકના પૂર્વ બોર્ડ ઓફ ડીરેકટરશ્રીઓ તથા સહકારી આગેવાનો અને વિશાળ સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે બેંકના પ્રથમ મહિલા ચેરપર્સન એ સભામાં ઉપસ્થિત સૌને આવકારી જણાવ્યુ હતુ કે આપણા લોક લાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા આપણા દેશના પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહ દ્વારા સહકારી ક્ષેત્રના વિકાસ માટે અનેક વિધ પગલા લેવાઈ રહ્યા છે. જેની આપણે સૌ સહર્ષ નોધ લઈએ છીએ, તેમજ અહેવાલના વર્ષ દરમિયાન થાપણ, ધીરાણ, વસુલાત વગેરે ક્ષેત્રે બેંકની સર્વોત્તમ કામગીરીની માહિતી આપી હતી.

અંતમાં બેંકના વાઈસ ચેરમેન ભીખાજી ડામોરે સભામાં ઉપસ્થિત તમામ મહાનુભાવો અને સભાસદોનો હાર્દિક આભાર માનતા જણાવ્યુ હતુ કે લોકલાડીલા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તથા ગૃહ એવમ્ સહકાર મંત્રી અમિતભાઈ શાહના અથાગ પ્રયત્નોથી સહકાર થી સમૃધ્ધિ અભિયાન હેઠળ અનેક વિધ લોક ઉપયોગી પ્રવૃત્તિઓ સહકારના માધ્યમથી થઈ રહેલ છે.

### વર્ષ ૧૯૭૬માં નિર્માણ પામેલો વાસણા બેરેજ અમદાવાદ શહેર માટે પૂર નિયંત્રણ અને જળ વ્યવસ્થાપનનું મહત્વનું માળખું

## અમદાવાદના ઐતિહાસિક વાસણા બેરેજનો કાયાકલ્પ : માત્ર ૩૫ દિવસના રેકોર્ડ સમયમાં નવા દરવાજા નાખવાની કામગીરી પૂર્ણ

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી પરના મહત્વપૂર્ણ એવા વાસણા-બેરેજના આધુનિકીકરણની કામગીરી માત્ર ૩૫ દિવસના રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યના જળસંપત્તિ વિભાગ હેઠળ કાર્યરત યાંત્રિક શાખા દ્વારા રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે ૧૯ નવા દરવાજા નાખવાનું અને ૧૦ ગેટનું રીપેરીંગ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આ સાથે જ સાબરમતી નદીમાં ફરી પાણી ભરવાનું શરૂ થઈ ચૂક્યું છે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને જળ સંપત્તિ-પાણી પુરવઠા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન હેઠળ જળ સંપત્તિ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં ડેમ સલામતીના કામોને અગ્રતા આપવામાં આવી રહી છે.

પ્રિ-મોન્સુન નિરીક્ષણ બાદ ત્વરિત એક્શનઃ

વર્ષ ૧૯૭૬માં નિર્માણ પામેલો વાસણા બેરેજ અમદાવાદ શહેર માટે પૂર નિયંત્રણ અને જળ વ્યવસ્થાપનનું મહત્વપૂર્ણ માળખું છે. વર્ષ ૨૦૨૫માં ડેમ-સેફટી એક્ટ હેઠળ કરાયેલા પ્રિ-મોન્સુન નિરીક્ષણમાં યાંત્રિક શાખા દ્વારા બેરેજના દરવાજાઓનું નવીનીકરણ અને રીપેરીંગ માટે ભલામણ કરવામાં આવી હતી. આ ભલામણોના આધારે બેરેજની લાંબાગાળાની સુરક્ષાને ધ્યાને રાખીને ગત તા. ૧૭ એપ્રિલ ૨૦૨૬થી બેરેજમાંથી પાણી સંપૂર્ણ ખાલી કરી યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી.

માત્ર ૩૫ દિવસમાં મિશન પૂર્ણ

જળ સંપત્તિ હેઠળની યાંત્રિક શાખા દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને દરવાજાના વિવિધ ભાગોની ફેબ્રીકેશન કામગીરી ચાર માસમાં પૂર્ણ કરીને ડેમમાં પાણી ખાલી થયા બાદ માત્ર ૩૫ દિવસ જેવા ટૂંકા ગાળામાં અંદાજે રૂ. ૧૦.૧૫ કરોડના ખર્ચે પાંચ હેવી ડ્યુટી મોબાઈલ ક્રેનની મદદથી ૧૯ દરવાજા બદલવાની તેમજ ૧૦ ગેટની રીપેરીંગ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી. આ કામગીરીમાં કુલ ૪૬૦ મેટ્રીક ટન સ્ટ્રકચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે. યાંત્રિક કામગીરીની સાથે સાથે સિવિલ વિભાગ દ્વારા પણ હયાત સિવિલ સ્ટ્રકચરના મજબૂતીકરણ માટે પણ કામગીરી હાથ ધરવામાં આવી. સામાન્ય રીતે આ આ પ્રકારની કામગીરી પૂર્ણ કરવામાં ચાર- પાંચ મહિનાનો સમય લાગતો હોય છે. પરંતુ આ કામ માત્ર ૩૫ દિવસમાં જ પૂર્ણ કરવામાં આવ્યું. હવે, દરવાજાની ઉંચાઈ સુધી બેરેજમાં પાણી ભરવાનું શરૂ કરવામાં આવ્યું છે.

નોંધનીય છે કે, વાસણા બેરેજ ખાતે ૬૦ ફુટ ઠ ૧૨ ફુટ સાઈઝના - ૨૪ નંગ, ૬૦ ફુટ ઠ ૧૪ ફુટ સાઈઝના -૨ નંગ તથા ૬૦ ફુટ ઠ ૧૬ ફુટ સાઈઝના -૪ નંગ એમ કુલ ૩૦ દરવાજા લગાવવામાં આવ્યા છે. જેમાં વર્ષ-૨૦૧૦માં ત્રણ દરવાજા, ૨૦૧૧માં બે, વર્ષ-૨૦૧૩માં પાંચ દરવાજા તથા વર્ષ-૨૦૨૫માં એક એમ કુલ ૧૧ દરવાજા જરૂરીયાત મુજબ બદલવામાં આવ્યા હતા.

આ કામગીરી પૂર્ણ થવાથી ચોમાસા દરમિયાન ડેમની સલામતીમાં વૃદ્ધિ થશે અને આગામી સમયમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ પૂરતું પાણી મળી રહેશે.

- જનક દેસાઈ

## કાંકણપુર પોલીસ મથકમાં GRD જવાને ૧૫ લાખનો દારૂ બુટલેગરને વેચી નાખ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પંચમહાલ

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ મથકમાંથી જ લોકરક્ષક અને કાયદાના રક્ષકો પર સવાલ ઉઠાવતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. કાંકણપુર પોલીસ મથકમાં જપ્ત કરાયેલા વિદેશી દારૂના મુદ્દામાલમાંથી લાખો રૂપિયાની ઉચાપતનો પર્દાફાશ થતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસ સ્ટેશનમાં જ હોમગાર્ડ/GRD તરીકે ફરજ બજાવતા એક જવાન સામે આ મામલે કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, કાંકણપુર પોલીસ મથકે અલગ-અલગ પ્રોહિબિશનના ગુના હેઠળ ઝડપેલા વિદેશી દારૂનો જથ્થો મુદ્દામાલ તરીકે રાખવામાં આવ્યો હતો. આ જપ્ત કરાયેલા મુદ્દામાલમાંથી અંદાજે ૧૫.૨૦ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂ બારોબાર સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આરોપ છે કે, અહીં જ જી.આર.ડી. તરીકે ફરજ બજાવતા નરેન્દ્ર બારિયા નામના જવાને આ લાખો રૂપિયાનો દારૂ બુટલેગરોને વેચી માર્યો હતો.પોલીસ મથકના કમ્પાઉન્ડ અને આસપાસના સીસીટીવી (CCTV) ફૂટેજ ચેક કરવામાં આવતા આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે, જપ્ત કરાયેલો વિદેશી દારૂનો મોટો જથ્થો ઈકો કારમાં ભરીને સ્થળ પરથી લઈ જવામાં આવી રહ્યો હતો. આ પુરાવાના આધારે ઉચ્ચ અધિકારીઓની સૂચનાથી ત્વરિત કાર્યવાહી કરવામાં આવી છે.

## શાળા પ્રવેશોત્સવ વચ્ચે મોટો સવાલઃ ઉત્સવની સફળતા માટે શિક્ષકોની ખાલી જગ્યાઓ કયારે પુરાશે




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયભરમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત મંત્રીઓ, ધારાસભ્યો, પદાધિકારીઓ અને અધિકારીઓ શાળાઓમાં પહોચી વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરી રહ્યા છે. શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો આ પ્રયાસ નિઃ સંદેહ આવકારદાયક છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણનો ક્રેઝ વધે, ડ્રોપ આઉટનુ પ્રમાણ ઘટે, અને દરેક બાળક શાળામાં પહોચે તે હેતુથી યોજાતા આવા કાર્યક્રમો શિક્ષણ ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ ગણાય છે. પરંતુ બીજી તરફ અનેક સરકારી શાળાઓમાં શિક્ષકોની ગંભીર ઘટ હોવાની ફરીયાદો સતત ઉઠી રહી છે. ખાસ કરીને ધોરણ ૧ થી ૩ સુધીના વિદ્યાર્થીઓને એક જ શિક્ષક દ્વારા એક સાથે અનેક વર્ગો ભણાવવાની સ્થિતિ સર્જાઈ છે. બાળશિક્ષણના પાયાના વરસોમાં આવી પરિસ્થિતિ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ચિંતાજનક ગણાય, વાંકાનેર વિસ્તારમાં જ અંદાજે ૨૫૦ થી વધુ શિક્ષકોની ખાલી જગ્યાઓ હોવાનુ શિક્ષણ પ્રેમી વર્ગ માં ચર્ચાઈ રહ્યુ છે. જો કે એક તાલુકામાં આ સ્થિતિ હોય તો સમગ્ર મોરબી જિલ્લામાં અને રાજયભરમાં શિક્ષકોની કુલ ઘટ કેટલી હશે તેનો સહજ અંદાજ લગાવી શકાય, શિક્ષણની ગુણવત્તા વધારવાની વાતો સાથે શિક્ષકોની પુરતી ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી પણ એટલી જ જરૂરી છે. વિદ્યાર્થીઓને માત્ર પાઠય પુસ્તકો જ નહી પરંતુ ગુણવત્તાયુકત શિક્ષણ , પુરતા શિક્ષકો , આધુનિક કોમ્પ્યુટર લેબ, સ્વચ્છ પીવાનુ પાણી, પુરતી વીજળી, ડીઝીટલ સાધનો, રમત ગમતની સુવિધાઓ અને અભ્યાસને અનુકુળ વાતાવરણ પણ મળવુ જોઈએ. શિક્ષણમાં ક્રાંતિ લાવવી હોય તો શાળાઓના પાયાના પ્રશ્નોનુ નિરાકરણ પ્રથમ પ્રાથમિકતા બનવુ જોઈએ. દુઃખદ બાબત એ પણ છે કે શિક્ષકોની ઘટ અને વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓ જેવા મુદ્દાઓ પર વિરોધ પક્ષ તરફથી પણ પુરતો અવાજ ઉઠતો જોવા મળતો નથી. પરીણામે શિક્ષણના મુળ પ્રશ્નો કરતા કાર્યક્રમોની પ્રસિધ્ધી વધુ ચર્ચામાં રહેતી હોવાનુ શિક્ષકવર્ગ અને બુધ્ધિજીવીઓમાં ચર્ચાઈ રહ્યુ છે. શાળા પ્રવેશોત્સવનો સાચો અર્થ ત્યારે જ સાકાર થશે જયારે દરેક બાળકને યોગ્ય શિક્ષક, પુરતી શૈક્ષણિક સુવિધાઓ અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ થશે. સરકાર, શિક્ષણ વિભાગ, જન પ્રતિનિધિઓ અને સમાજના તમામ વર્ગોએ મળીને શિક્ષકોની ખાલી જગ્યાઓ તાત્કાલીક ભરવા , શાળાઓમાં જરૂરી માળખાકીય સુવિધાઓ ઉભી કરવા અને વિદ્યાર્થી કેન્દ્રીત શિક્ષણ વ્યવસ્થા મજબુત બનાવવા દિશામાં અસરકારક પગલા ભરવાની જરૂર છે. શિક્ષણનો ઉત્સવ માત્ર પ્રવેશ સુધી સિમિત ન રહે પરંતુ દરેક વિદ્યાર્થીને શ્રેષ્ઠ શિક્ષણ મળે તે દિશામાં પરીવર્તનનો આધારસ્તંભ બને, એ જ સમયની માંગ છે. પ્રવેશોત્સવની ઉજવણી વચ્ચે શિક્ષકોની ઘટનો સવાલ મહત્વનો છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૨૩/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૪૬૧ | ૧,૩૫૦.૦૦ | ૧,૮૮૦.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૩૮૦.૦૦ | ૧,૩૮૫.૦૦ |
| 3 | તલ | ૮ | ૧,૮૦૦.૦૦ | ૨,૧૭૫.૦૦ |
| ૪ | ઘઉં | ૪૧૨ | ૪૬૦.૦૦ | ૫૫૨.૦૦ |
| ૫ | બાજરી | ૧૩૧ | ૪૪૦.૦૦ | ૪૬૬.૦૦ |
| ૬ | મકાઇ | ૮૦ | ૪૪૫.૦૦ | ૪૬૫.૦૦ |
| ૭ | ચણા ( કાબુલી ) | 30 | ૧,૩૫૦.૦૦ | ૧,૫૮૧.૦૦ |
| ૮ | મગ | ૧૭ | ૧,૪૬૧.૦૦ | ૧,૫૦૫.૦૦ |

મુનિમજી સોફટવેર

## શાળા પ્રવશોત્સવ-૨૦૨૬: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા શિક્ષણ મેળવેલી વડનગરની બી.એન. હાઈસ્કુલથી રાજયવ્યાપી ૨૪માં 'શાળા પ્રવેશોત્સવ'નો પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ







મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'શાળા પ્રવેશોત્સવ'ની ૨૪મી કડીનો રાજય વ્યાપી પ્રારંભ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા શિક્ષણ મેળવેલી વડનગરની બી.એન. હાઈસ્કુલથી કરાવ્યો હતો.શિક્ષણ સેવા યજ્ઞ સમાન આ અભિયાન અંતર્ગત મહેસાણા જિલ્લાના વડનગરની ઐતિહાસિક બી.એન. હાઈસ્કૂલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૩૯૦ જેટલા બાળકોનું શાળામાં નામાંકન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સામાન્ય પરિવારનો વિદ્યાર્થી પણ મહેનત, સંકલ્પ અને શિક્ષણના બળ પર જીવનમાં મોટી સફળતા મેળવી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું જીવન છે. તેમના નેતૃત્વમાં શિક્ષણ, કૌશલ્ય અને વિકાસના ક્ષેત્રે નવી તકો ઊભી થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશોત્સવની ફળશ્રુતિ અંગે કહ્યું કે, ૨૦૦૩માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનું મહત્વપૂર્ણ અભિયાન શરૂ કરાવ્યું હતું. તેના પરિણામે રાજ્યના શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. એક સમયે મોટી સંખ્યામાં બાળકો અભ્યાસ અધવચ્ચે છોડી દેતા હતા, પરંતુ સતત પ્રયાસો અને શિક્ષણ પ્રત્યેની સામૂહિક જવાબદારીના કારણે આજે શાળાઓમાં નામાંકન દર ૧૦૦ ટકા સુધી પહોંચ્યો છે અને ડ્રોપઆઉટ રેશિયો ૧ ટકાથી પણ ઓછો થયો છે. વડનગરની શાળાના ૨૪ બાળકો જેમણે કોઈ કારણોસર શાળા-અભ્યાસ છોડી દીધો હતો તેમને શોધીને પુનઃપ્રવેશ કરાવવામાં આવ્યો છે. તે માટે મુખ્યમંત્રીશ્રીએ શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતાં.

ટેકનોલોજી અને શિક્ષકોના સતત પ્રયાસોના પરિણામે શાળા બહાર રહેલા બાળકોને શોધી ફરી શિક્ષણ સાથે જોડવામાં આવી રહ્યા છે. કોઈ વિદ્યાર્થી એકાદ-બે દિવસ ગેરહાજર રહે તો શિક્ષકો વાલીઓનો સંપર્ક કરીને બાળકની ગેરહાજરીની ચિંતા કરે છે. દરેક બાળક શાળાકીય શિક્ષણ પૂરું કરે તે માટે સરકારની સાથે વાલીઓની પણ એટલી જ જવાબદારી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ આ તકે અનુરોધ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે 'નમો લક્ષ્મી' અને 'નમો સરસ્વતી' જેવી યોજનાઓ અમલમાં મૂકી છે તેના સકારાત્મક પરિણામો ટૂંકા ગાળામાં જ મળ્યા છે. 'નમો લક્ષ્મી' યોજના હેઠળ ધોરણ ૯ થી ૧૨માં ભણતી દીકરીઓને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય અને 'નમો સરસ્વતી' યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને ૨૫,૦૦૦ રૂપિયાની પ્રોત્સાહક આર્થિક સહાય આપવામાં આવે છે. મુખ્યમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં કહ્યું કે, મોબાઈલ અને ટીવીનો ઉપયોગ મર્યાદિત રાખી અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સમયનું યોગ્ય આયોજન, માતા-પિતાનો આદર અને શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા દ્વારા જીવનમાં સફળતા પ્રાપ્ત કરી શકાય છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ કાર્યક્રમની વિશેષતા હતી કે, મંચ સંચાલન, મહાનુભાવોનું સ્વાગત અને આભારવિધિ જેવી તમામ વ્યવસ્થાઓ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ સંભાળવામાં આવી હતી. મુખ્યમંત્રીએ વિદ્યાર્થીઓના આ કૌશલ્યની પ્રસંશા કરી હતી. કાર્યક્રમ દરમિયાન તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ કલા અને રમતગમત ક્ષેત્રે સિદ્ધિ હાંસલ કરનારા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શિક્ષણની સાથે સામાજિક જવાબદારીના ભાગરૂપે ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓએ વાહન વ્યવહારના નિયમોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. કાર્યક્રમના અંતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શાળાના પ્રાંગણમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણ જાળવણીનો સંદેશ આપ્યો હતો. તેમણે શાળા વ્યવસ્થાપન કમિટી અને સંચાલક મંડળના સભ્યો સાથે પણ બેઠક યોજીને શૈક્ષણિક ગુણવત્તા બાબતે પરામર્શ કર્યો હતો. આ રાજ્યવ્યાપી પ્રવેશોત્સવ પ્રસંગે ધારાસભ્ય શ્રી કિરીટભાઈ પટેલ, વડનગર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી મિતિકા શાહ, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી કાનુજી ઠાકોર, અગ્રણી શ્રી ગીરીશભાઈ રાજગોર, શ્રી ભરતભાઈ ડાંગર, જિલ્લા કલેકટર શ્રી એસ. કે. પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી અંચુ વિલ્સન, શાળાના આચાયશ્રી, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ શિક્ષણ ઉત્સવમાં સહભાગી થયા હતા.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# પાટીદાર અનામત આંદોલન સમયના વધુ બે કેસમાં હાર્દિક પટેલ અને અલ્પેશ કથીરીયા નિર્દોષ



પ્રતિનિધિ,ગાંધીનગર

વર્ષ ૨૦૧૮ માં પાટીદાર અનામત આંદોલન સમયે સુરતમાં વરાછા પોલીસ મથકમાં ટ્રાફીક જામ અને જાહેર માર્ગો પર અવરોધ ઉભો કરવાના મુદ્દે નોંધાયેલા બે કેસ પરત ખેંચવાની મંજુરી કોર્ટે આપી દીધી છે.

સુરતના એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ જીતેન્દ્રસિંહે સરકારની કેસ વીથ ડ્રો, કરવાની અરજી ગ્રાહ્ય રાખીને તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે. આ બે કેસ પરત ખેંચાતા ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલ અને પાટીદાર અગ્રણી અલ્પેશ કથીરીયાને મોટી રાહત મળી છે. મળતી માહિતી અનુસાર વર્ષ ૨૦૧૮ માં અનામત આંદોલન દરમિયાન વરાછા પોલીસે ગેરકાયદે મંડળી રચવા, લુંટ, મારામારી અને જાનથી મારી નાખવાની ધમકી આપવાના આરોપસર જિગ્નેશ વઘાસીયા, મૌલિત નસીત, ચંદ્રેશ કાકડીયા અને રૂપીક દેસાઈની અટકાયત કરી હતી. ત્યારબાદ આ કાર્યકરોને જામીન મળતા તેઓ લાજપોર જેલમાં થી મુકત થયા હતા. જેલમાંથી મુકત થયેલા કાર્યકરો નિકળવાના હોઈ, તેમના સ્વાગત માટે પાસ ના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો વાહનો અને બાઈકરેલી સાથે લાજપોર જેલ પહોચ્યા હતા. ત્યાંથી સુરતના વિવિધ વિસ્તારોમાં રેલી યોજી વરાછા ખાતે સરદાર વલ્લભભાઈ પટેલ ની પ્રતિમાને ફુલહાર કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ રેલી દરમિયાન જાહેર રોડ પર ટ્રાફીક વ્યવસ્થા ખોરવાઈ હતી અને પોલીસની સુચના છતાં રેલી વિખેરાઈ ન હતી, જે બદલ તત્કાલીન વરાછા પોલીસ ઈન્સ્પેકટર વી એસ પટેલે ૧૦ મી જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ ફરીયાદ નોંધી હતી. પોલીસે આ મામલે હાર્દિક પટેલ, અલ્પેશ કથીરીયા, ધાર્મિક માલવીયા, જયદીપ ઉર્ફે ટપુ પોલરા, કૃણાલ સરધારા, પંકજ સિધ્ધપુરા, સંજય માવાણી અને કોંગ્રેસ અગ્રણી અશોક જીરાવાલા સહિત ૧૫૦ થી ૨૦૦ કાર્યકરો સામે આઈપીસીની કલમ ૧૪૩, ૧૪૫, ૧૪૯, ૧૫૨, ૩૪૧ અને ૧૮૮ હેઠળ ગુન્હો નોંધ્યો હતો. આંદોલન સમયના આ બંને કેસ જાહેર હિત માં પરત ખેંચવા માટે ડીજીપી નયન સુખડવાલાના માર્ગદર્શન હેઠળ આસી. પબ્લીક પ્રોસીકયુટર દિગંત તેવારે ભારતીય નાગરીક સંહિતાની કલમ ૩૬૦ તથા ક્રિ. પ્રો.કોડની કલમ ૩૨૧ હેઠળ કોર્ટમાં અરજી કરી હતી. સરકાર પક્ષે જણાવ્યુ હતુ કે સુરત શહેર પોલીસ કમિશ્નરે સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરવાની પરવાનગી આપી હતી.

આ દરમિયાન વાહન ચાલકોને અવરોધ થયો હતો. જેથી ટ્રાફીક અવરોધની કલમ ૩૪૧ તથા અન્ય કલમો લગાડાઈ હતી. પરંતુ જે વ્યકિતઓને અડચણ ઉભી થઈ હતી તેવી કોઈ વ્યકિતએ નહી , પરંતુ પીઆઈએ ફરીયાદ કરી હતી. કલમ ૩૪૧ સમાધાનપાત્ર કલમ છે. આરોપીઓનો ગુન્હાહીત ઈરાદો જણાતો નથી, જેને કોર્ટ રેકોર્ડ પરના પુરાવા તથા કાનુની જોગવાઈને ધ્યાને લઈને કેસ ચલાવવો જાહેર જનતાના હિતમાં ન હોવાનુ જણાવીને બંને કેસો પરત ખેંચવાની માંગ પર મંજુરીની મહોર મારતો હુકમ કર્યો હતો.

# સરકારી શાળામાં પ્રવેશતા બાળકોના ચહેરા પરની ખુશી એ જ પ્રવેશોત્સવ અભિયાનની સાચી સિદ્ધિઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

## આપણે માત્ર શાળા નથી ચલાવવાની, પરંતુ બાળકોના જીવનનું ઘડતર કરી ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું છેઃ નાયબ મુખ્યમંત્રીશ્રી





શાળાના પ્રથમ દિવસે બાળકોના ચહેરા પર જોવા મળતી ખુશી અને ઉત્સાહ એ જ શાળા પ્રવેશોત્સવ અભિયાનની સાચી સિદ્ધિ છે, તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું. રાજ્યવ્યાપી શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ અંતર્ગત નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લાના અડાલજની કુમાર પ્રાથમિક શાળા ખાતેથી અડાલજ વિસ્તારની ૩ સરકારી શાળાઓના કુલ ૪૦૨ વિદ્યાર્થીઓને ઉત્સાહભેર શાળા પ્રવેશ કરાવ્યો હતો. આ પ્રસંગે ખાનગી શાળાઓ સાથે સરકારી શાળાઓની સકારાત્મક સરખામણી કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ખાનગી શાળાઓની મોટી એસી બસોમાં જતા બાળકો ઘણીવાર શાળાના પ્રથમ દિવસે રડતા જોવા મળે છે. તેની સામે સરકારી શાળાઓમાં યોજાતા પ્રવેશોત્સવના કારણે પ્રથમ દિવસે જ તમામ બાળકો ખૂબ ખુશખુશાલ, હસતા અને રમતા નજરે પડે છે. ગુજરાતના બાળકો ઉત્સાહ અને આત્મવિશ્વાસ સાથે શાળામાં પ્રવેશે તે હેતુથી શરૂ કરાયેલા આ અભિયાનની આ વર્ષે ૨૪મી કડી ઉજવાઈ રહી છે, જેના થકી રાજયના લાખો વિદ્યાર્થીઓનું જીવન બદલાયું છે.

તેમણે શિક્ષકો અને વાલીઓને સંબોધતા જણાવ્યું હતું કે, આપણે સૌએ સાથે મળીને માત્ર શાળા નથી ચલાવવાની, પરંતુ બાળકોના જીવનનું ઘડતર કરીને તેમના ભવિષ્યને વધુ ઉજ્જવળ કરવાનું છે. તેમણે ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને એસ.એમ.સી. (SMC) ના માધ્યમથી શાળાના વિકાસમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. આ સાથે જ શિક્ષકોને અપીલ કરી હતી કે, નાના ભૂલકાઓને પ્રથમ દિવસથી જ સ્વચ્છતા, નિયમિત બ્રશ કરવું અને રમ્યા બાદ હાથ ધોવા જેવી સારી આદતો રોજિંદા જીવનમાં અપનાવતા શીખવે.

**બાળકોને માર્ગ સલામતી અને હેલ્મેટનો અનોખો સંકલ્પ લેવડાવ્યો**

કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓને એક અનોખો અને સંવેદનશીલ સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે બાળકોને પ્રેરણા આપતા કહ્યું કે, જેમના માતા-પિતા સવારે ટુ-વ્હીલર પર નોકરી કે કામ અર્થે જતા હોય અને જો તેમણે હેલ્મેટ ન પહેર્યું હોય, તો બાળકોએ ઘરના દરવાજા પર પલોઠી વાળીને બેસી જવું અને માતા-પિતાને હેલ્મેટ પહેરવા મજબૂર કરવા. કામ પર ૫ મિનિટ મોડા પહોંચવાથી એટલું નુકસાન નહીં થાય, પરંતુ હેલ્મેટ વગરના અકસ્માતને કારણે આખું જીવન માતા-પિતા વગર ગુજારવું પડી શકે છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, જો વિદ્યાર્થીઓ પોતે જ હેલ્મેટ પહેરવાનો આગ્રહ રાખશે તો અડાલજ અને સમગ્ર ગુજરાતમાં કોઈ પણ નાગરિક હેલ્મેટ વગર નજરે નહીં પડે. આ સરાહનીય પ્રયાસથી પોલીસની કામગીરી પણ સરળ બનશે અને દંડ ન થવાના કારણે પરિવારોના પૈસાની બચત થશે. પોલીસ માટે દંડની પાવતી કરતાં નાગરિકોની સુરક્ષા અને તેમના પરિવારજનોની સલામતી જ સર્વોપરી છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ નાગરિકો અને અધિકારીઓએ માર્ગ સલામતી અંગેના શપથ લીધા હતા. આ ગરિમામય કાર્યક્રમમાં અડાલજના સરપંચ શ્રી બિનીતાબેન પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રાજેશકુમાર પટેલ, કલેક્ટર શ્રી રવિન્દ્ર ખટાલે, એસ.પી. શ્રી રવી તેજા વાસમશેટ્ટી, એસ.એમ.સી.ના સભ્યો, સ્થાનિક અગ્રણીઓ, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

- ઋચા રાવલ

# AAP ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા ચુકાદા મુદ્દે AAP સુપ્રિમો અરવિંદ કેજરીવાલનું નિવેદન

અમદાવાદ/નર્મદા/ગુજરાત

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે AAP ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા કોર્ટના ચુકાદા પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે કોર્ટ દ્વારા ચૈતર વસાવાને આજે સાત વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે. ચૈતર વસાવા ગુજરાતના આદિવાસી સમાજના મોટા નેતા છે અને ખૂબ લોકપ્રિય છે. તેઓ સમયાંતરે આદિવાસી સમાજ માટે સંઘર્ષ કરતા રહ્યા છે અને આદિવાસી સમાજના મુદ્દાઓ પર અવાજ ઉઠાવતા રહ્યા છે. તેઓ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય છે. આ પહેલાં પણ ઘણી વખત તેઓ ત્રણ-ત્રણ, ચાર-ચાર મહિના માટે આદિવાસી સમાજના હિત માટે જેલ જઈ ચૂક્યા છે. કહેવાય છે કે જે પૈસા આદિવાસી સમાજ માટે આવે છે, તે પૈસાને આદિવાસીઓ પર ખર્ચ કરવાની જગ્યાએ કેટલાક લોકો દ્વારા તેનો દુરુપયોગ કરવામાં આવે છે. તેના વિરુદ્ધ ચૈતર વસાવાએ અનેક વખત અવાજ ઉઠાવ્યો છે અને આદિવાસીઓનો હક બચાવવાનો પ્રયાસ કર્યો છે. આદિવાસીઓની જમીન છીનવાઈ જવાના મુદ્દે પણ તેમણે અવાજ ઉઠાવ્યો છે. મનરેગામાં પણ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોવાનો આરોપ લગાવીને તેમણે તેના વિરુદ્ધ લડત આપી છે. આદિવાસી સમાજ માટે તેમણે સતત સંઘર્ષ કર્યો છે. કહેવામાં આવે છે કે તેમની વધતી લોકપ્રિયતા અને તેમની કામગીરીને કારણે વિરોધ પક્ષ તેમને કાબૂમાં લઈ શક્યો નહીં. તેથી છેલ્લા કેટલાક મહિનાઓમાં તેમની સામે ષડયંત્ર રચીને ખોટો કેસ કરવામાં આવ્યો અને આજે તેમને સાત વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે. અરવિંદ કેજરીવાલે વધુમાં જણાવ્યું હતુ કે ED પાર્ટીને ખબર હતી કે આ વિસ્તારમાં જ્યાં સુધી ચૈતર વસાવા છે ત્યાં સુધી તેઓ અહીંથી પોતાનો ધારાસભ્ય જીતાડી શકતા નથી. એટલે તેમણે એવું ષડયંત્ર રચ્યું કે તેમને સાત વર્ષની સજા સંભળાવી દેવામાં આવે અને આ રીતે ચૈતર વસાવાને ધારાસભ્ય પદ પરથી હટાવી શકાય. પરંતુ હું આજે ઈડી પાર્ટીને કહેવા માગું છું કે ગુજરાતના લોકોમાં આ મુદ્દે ભારે રોષ છે અને લોકો તેનો જવાબ આપશે. થોડા મહિનાઓ પહેલા ગુજરાતમાં પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. નર્મદા જિલ્લા પંચાયત સંપૂર્ણપણે આમ આદમી પાર્ટીએ ભારે બહુમતીથી જીતી હતી. જિલ્લા પરિષદમાં પણ મોટા ભાગના સભ્યો આમ આદમી પાર્ટીના આવ્યા હતા. નર્મદા જિલ્લામાં એક દિવસ નરેન્દ્ર મોદીજીની સભા યોજાઈ હતી, જેમાં લગભગ પાંચ હજાર લોકો આવ્યા હતા. બાજુમાં થોડી દૂર ચૈતર વસાવાની સભા યોજાઈ હતી, જેમાં પચ્ચીસ હજાર લોકો આવ્યા હતા. નરેન્દ્ર મોદીની સભામાં સમગ્ર પ્રશાસન લગાવવામાં આવ્યું હતું, બસો પણ લગાવવામાં આવી હતી, છતાં માત્ર પાંચ હજાર લોકો જ આવ્યા. જ્યારે ચૈતર વસાવાની સભામાં કોઈ બસો કે પ્રશાસન નહોતું, છતાં લોકો પોતે જ ચાલીને પચ્ચીસ હજારની સંખ્યામાં આવ્યા. આથી ચૈતર વસાવાની લોકપ્રિયતાનો અંદાજ આવે છે. તે જ દિવસે મને લાગી ગયું હતું કે ચૈતર વસાવાને સરળતાથી છોડવામાં નહીં આવે. પરંતુ હું ED પાર્ટીને ચેતવણી આપવા માગું છું કે લોકશાહીમાં આવી રીતે દબાણ અને ગુંડાગીરી ચાલતી નથી. અહીં તો લોકોની જ ચાલે છે. ચૈતર વસાવાને જેટલા દબાવવાની કોશિશ કરશો તેટલા વધુ મોટા નેતા તરીકે ઉભરી આવશે. આવનારા સમયમાં જોવા મળશે કે ગુજરાતની જનતા કેવી રીતે આ પ્રકારની રાજનીતિનો જવાબ આપે છે.


**પશ્ચિમ રેલ્વે**

**બાંધકામ કાર્ય**

વિભાગીય રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં.: BCT/26-27/73 તા. 19/06/2026 આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ વિભાગ:-સાન્તાક્રુઝથી વિરાર સુધીના 13 સ્ટેશનો પર બાકી રહેલા ભાગના કવર શેડની જોગવાઈ (સંયુક્ત ટેન્ડર). કામની અંદાજિત કિંમત: ₹16,66,85,953.30/-. EMD: ₹33,33,700.00/-. સબમિશનની તારીખ અને સમય: તા.14.07.2026 ના રોજ 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.14.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0289

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલ્વે**

**હાલના BGML સ્ટાન્ડર્ડ સ્ટીલ ગર્ડરનું રિગર્ડરિંગ**

ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઇન), પશ્ચિમ રેલ્વે, દાદર, મુંબઈ દ્વારા ટેન્ડર નંબર DYCE-BR-DDR-2026-04, તારીખ: 19.06.2026 આમંત્રિત કરવામાં આવે છે. કાર્યનું નામ: મુંબઈ ડિવિઝનના SSE(Br.) વલસાડના અધિકારક્ષેત્રમાં સાફલે-સુરત વિભાગમાં 25 ટન એક્સલ લોડિંગ સ્ટાન્ડર્ડ સ્ટીલ ગર્ડર સાથે બ્રિજ નંબર 228 (7x18.30) ના 18.30 મીટરના સ્પાન નંબર 7, 284 (1x18.30), 288 (2x18.30) અને 352 (1x18.30) UP&DN નું રિગર્ડરિંગ. NIT મૂલ્ય: ₹ 29647477.19/- EMD : ₹593000.00/- ઓનલાઈન સબમિશનની તારીખ અને સમય: તા.20.07.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય તા.20.07.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો 0287

અમને લાઇક કરો: facebook.com/WesternRly


# AAP ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલ ચુકાદા મુદ્દે ધારાસભ્ય હેમંત ખવાએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કર્યા

અમદાવાદ/નર્મદા/જામનગર/

આમ આદમી પાર્ટીના લોકપ્રિય નેતા અને આદિવાસી સમાજની વેદનાને વાચા આપનારા ધારાસભ્ય ચૈતર વસાવાને કોર્ટ દ્વારા કરવામાં આવેલી સજા અંગે જામજોધપુર-લાલપુર વિસ્તારના ધારાસભ્ય હેમંત ખવાએ સત્તાધારી પક્ષ પર આકરા પ્રહારો કર્યા છે અને આ કાર્યવાહીને રાજકીય દ્વેષભાવથી પ્રેરિત ગણાવી છે. ધારાસભ્ય હેમંત ખવાએ સત્તાપક્ષની ધમકીભરી નીતિઓની આકરી આલોચના કરતા જણાવ્યું છે કે, "આજે રોજ ચૈતર વસાવાને જે રીતે સાત વર્ષની સજા ફટકારવામાં આવી છે, તે માત્ર એક કાયદાકીય પ્રક્રિયા નથી પરંતુ વિપક્ષના મજબૂત અવાજને અને ખાસ કરીને આદિવાસી સમાજના હકો માટે લડતા લોકનેતાને રાજકીય રીતે ટાર્ગેટ કરવાનું સુનિયોજિત ષડયંત્ર છે. સત્તાપક્ષ હંમેશા એવા નેતાઓથી ડરે છે જેઓ જનતાના હક માટે રસ્તા પર ઉતરીને લડે છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, શાસક પક્ષ ભલે વિપક્ષના અને આદિવાસી સમાજના પ્રશ્નો ઉઠાવનારા નેતાઓનો અવાજ દબાવવાના ગમે તેટલા પ્રયત્નો કરી લે, પરંતુ લોકશાહીમાં જનતાનો અવાજ ક્યારેય દબાવી શકાતો નથી. જળ, જમીન અને જંગલની રક્ષા માટે તેમજ ગરીબોના કલ્યાણ માટે ચૈતર વસાવાએ જે લડત ઉપાડી છે, તેને કોઈ સજા કે જેલનો ભય રોકી શકશે નહીં. સત્તાના નશામાં ચૂર આ ભાજપના શાસકો એ ન ભૂલે કે લોકશાહીમાં જનતા જ ભાગ્યવિધાતા છે. આજે આદિવાસી સમાજ અને વિપક્ષને ડરાવવાનો જે પ્રયાસ થઈ રહ્યો છે, તેનો જવાબ ગુજરાતની જનતા યોગ્ય સમયે આપશે. ન્યાયતંત્ર પર અમને પૂરો ભરોસો છે અને ઉચ્ચ અદાલતમાં કાયદાકીય લડત લડીને સત્યનો વિજય થશે જ. આમ આદમી પાર્ટીનો એક-એક કાર્યકર્તા અને નેતા આ અન્યાય સામે મક્કમતાથી ઊભો છે અને જનતાના અધિકારોની આ લડત ભવિષ્યમાં વધુ ઉગ્ર બનશે તેવી ચીમકી પણ ધારાસભ્ય હેમંત ખવાએ ઉચ્ચ સત્તાધીશોને આપી છે.

**સામાન્ય પરિવારમાંથી આવીને સંઘર્ષથી આગળ આવેલા ચૈતર વસાવા ડરવાના નથી : દુર્ગેશ પાઠક AAP**

# AAP ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા ચુકાદા મુદ્દે AAP ગુજરાતના સહ-પ્રભારી દુર્ગેશ પાઠકનુ નિવેદન

## આદિવાસી સમાજના હીરો ચૈતર વસાવાને ઈડી પાર્ટીના તંત્ર દ્વારા સાત વર્ષની સજા સંભળાવવામાં આવી : દુર્ગેશ પાઠક AAP

અમદાવાદ/ગુજરાત

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા પર આવેલા ચુકાદા મુદ્દે આમ આદમી પાર્ટી ગુજરાતના સહ-પ્રભારી દુર્ગેશ પાઠકે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતુ કે આદિવાસી સમાજના હીરો ચૈતર વસાવાને આજે ઈડી પાર્ટીએ પોતાના તંત્રની મદદથી સાત વર્ષની સજા સંભળાવી છે. ઈડી પાર્ટીને આ ખોટી સમજ છે કે આ દેશમાં દરેક વ્યક્તિ વેચાઈ જાય છે, દરેક વ્યક્તિ ડરે છે. ચૈતર વસાવા એક ફાઈટર છે, જે ખૂબ જ સામાન્ય પરિવારમાંથી આવે છે અને પોતાની મહેનત અને સંઘર્ષથી અહીં સુધી પહોંચ્યા છે. તેઓ ડરવાના નથી. આ બધી બાબતો, આ બધી સાજિશો, બધું ઉપરવાળો જોઈ રહ્યો છે. ઈડી પાર્ટીનો હવે ગુજરાતમાં અંત આવવાનો છે અને તેની શરૂઆત થઈ ગઈ છે. સમગ્ર ગુજરાતનો એક એક આદિવાસી ભારતીય જનતા પાર્ટી અને ઈડી પાર્ટીને આવતી ચૂંટણીમાં હરાવશે. એક પણ મત ઈડી પાર્ટી અથવા ભારતીય જનતા પાર્ટીને નહીં મળે.

# શિક્ષણમંત્રી રીવાબા જાડેજાની ઉપસ્થિતિમાં પોશીના તાલુકાની દેમતીમેરા પ્રાથમિક શાળા અને ગણવા સરકારી માધ્યમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાયો

## એક દિકરી બે કુળ તારે તે કહેવત સાચી છે માટે તેને શિક્ષિત કરવી : શિક્ષણ થી મોટુ કોઈ દાન નથી : શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



રાજય સરકાર દ્વારા શિક્ષણને સર્વોપરી પ્રાથમિકતા આપતા અને ન્યુ ટુ સ્કુલ, બેક ટુ સ્કુલ અને કન્ટિન્યુ સ્કુલ ના અભિગમને કેન્દ્ર સ્થાને રાખીને આયોજીત કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાની દેમતીમેરા પ્રાથમિક શાળા અને ગણવા સરકારી માધ્યમિક શાળામાં રાજયના શિક્ષણમંત્રી રીવાબા જાડેજાની વિશેષ ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસભેર કાર્યક્રમ યોજાયો, નાના ભુલકાઓને તીલક કરી, ફુલહાર પહેરાવી અને શૈક્ષણિક કીટ અર્પણ કરી શાળામાં વિધીવત પ્રવેશ આપવામાં આવ્યો હતો.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવના અવસરે શિક્ષણમંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે ઐતિહાસિક પરીવર્તન આવ્યુ છે. વર્ષ ૨૦૦૩ પહેલા દિકરીઓના શિક્ષણ અને શાળા પ્રવેશ અંગે અનેક પડકારો હતા, પરંતુ રાજય સરકાર સતત પ્રયાસોના પરીણામે આજે દિકરીઓના શિક્ષણમાં નોધપાત્ર વધારો થયો છે અને શાળામાં પ્રવેશ તથા હાજરીના પ્રમાણમાં પણ ગુણાત્મક સુધારો જોવા મળી રહ્યો છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે દિકરીઓનુ શિક્ષણ માત્ર પરીવાર નહી પરંતુ સમગ્ર સમાજના વિકાસ માટે અત્યંત જરૂરી છે. બેટી બચાવો, બેટી ભણાવો ના સંકલ્પને સાકાર કરવા માટે રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અને અભિયાનો થકી દિકરીઓને શિક્ષણની મુખ્યધારામાં જોડવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતી ૨૦૨૦ ના અમલીકરણથી વિદ્યાર્થીઓમાં ગુણવત્તાયુકત શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળી રહ્યુ છે. આજનો યુગ સ્પર્ધાનો છે.

ત્યારે બાળકોને માત્ર પાઠય પુસ્તક પુરતુ નહી પરંતુ જીવનમુલ્યો અને સંસ્કારોથી સમૃધ્ધ શિક્ષણ આપવાની જરૂર છે. તેમણે વાલીઓને અપીલ કરતા જણાવ્યુ હતુ કે બાળકોના શિક્ષણમાં તેમની સક્રિય ભાગીદારી અત્યંત જરૂરી છે. ટ્રાયબલ વિસ્તારમાં મોર્ડલ સ્કુલો, એકલવ્ય મોર્ડલ સ્કુલ, હોસ્ટેલ, કસ્તુરબા ગાંધી વિદ્યાલય વગેરે દ્વારા બાળકને બાલવાટીકાથી લઈ ઉચ્ચ શિક્ષણ સુધીના શિક્ષણની સુવિધા પુરી પાડવામાં આવી રહી છે. તો તમામ વાલીઓ આ સુવિધાનો લાભ લઈ પોતાના બાળકોને ગુણવત્તાયુકત શિક્ષણ પુરૂ પાડે, વડાપ્રધાનના વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મદદરૂપ બનીએ.

મંત્રી રીવાબાએ જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભો સમાજના છેવાડાના માનવી સુધી પહોચે તે માટે સૌએ સંકલ્પબધ્ધ બની કાર્ય કરવુ જોઈએ. શિક્ષણ દ્વારા જ વિકસિત ભારતના સપનાને સાકાર કરી શકાશે અને આવનારી પેઢીને ઉજજવળ ભવિષ્ય આપી શકાશે. વધુમાં ગણવા ખાતે ઉચ્ચ માધ્યમિક શાળા ધોરણ ૧૧-૧૨ માટે જાહેરાત કરી ગ્રામજનોને અભિનંદન પાઠવી દિકરીઓને ઉચ્ચ શિક્ષણ અપાવવા અપીલ કરી હતી. આ પ્રસંગે તેમણે વિદ્યાર્થીઓને મન લગાવી અભ્યાસ કરવા, શિક્ષકો અને વાલીઓનુ સન્માન કરવા તેમજ જીવનમાં ઉચ્ચ લક્ષ્યાંકો નકકી કરીને આગળ વધવા માટે પ્રેરિત કર્યા હતા.

# મહોરમના તહેવાર નિમિત્તે રાજયના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને કાયદો અને વ્યવસ્થાની સમીક્ષા અર્થે વીડિયો કોન્ફરન્સ યોજાઈ

## તમામ કમિશનરો, રેન્જ વડાઓ અને એસ.પી.ને ચુસ્ત બંદોબસ્ત અને સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ તકેદારી રાખવા આદેશ



મહોરમના તહેવાર નિમિત્તે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજયના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકના અધ્યક્ષસ્થાને આજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ યોજાઈ હતી. આ બેઠકમાં રાજયના પોલીસ વડા શ્રી જી. એસ. મલિકે તમામ શહેર, જિલ્લા, રેન્જ અને યુનિટના વડાશ્રીઓને મહોરમના જુલૂસ, તાજીયાના રૂટ્સ પર ટેકનોલોજીના મહત્તમ ઉપયોગ સાથે કડક 'બંદોબસ્ત સ્કીમ' તૈયાર કરવા સૂચના આપી હતી. કોમી એકતા અને શાંતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક સ્તરે શાંતિ સમિતિઓ, મોહલ્લા સમિતિઓ, ધાર્મિક અગ્રણીઓ અને સમુદાયના પ્રતિનિધિઓ સાથે સંયુક્ત બેઠકો યોજવા તાકીદ કરી હતી.

તહેવાર દરમિયાન રાજયભરમાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતી સંખ્યામાં SRPF કંપનીઓ અને પ્લાટૂનની ફાળવણી કરવામાં આવી છે. બંદોબસ્તમાં તૈનાત તમામ પોલીસ કર્મચારીઓને ફરજ પર મોકલતા પૂર્વે તેમની જવાબદારીઓ, વિસ્તારની સંવેદનશીલતા અને ઈમરજન્સી પ્રોટોકોલ અંગે યોગ્ય બ્રીફિંગ આપવા આદેશ આપ્યા છે.

સમગ્ર રાજયમાં તાજીયા જુલૂસ સંદર્ભે આઈડેન્ટિફાઈડ ૯૧૯ જેટલા સંવેદનશીલ સ્થળો પર ટેકનોલોજીની મદદથી એક્સ્ટ્રા એલર્ટ રહેવા જણાવાયું છે. આ ઉપરાંત, છેલ્લા પાંચ વર્ષમાં મહોરમ દરમિયાન જે વિસ્તારોમાં નાની-મોટી ઘટનાઓ નોંધાઈ છે, ત્યાં રિસ્ક એસેસમેન્ટ કરવા તાકીદ કરાઈ છે. જાહેર જનતામાં સુરક્ષાનો અહેસાસ વધારવા માટે સંવેદનશીલ વિસ્તારોમાં ૮ થી ૧૦ પોલીસ કર્મચારીઓની ટીમ બનાવી સઘન 'ફૂટ પેટ્રોલીંગ' કરવાના આદેશ અપાયા છે.

ભીડ નિયંત્રણ અને પ્રિવેન્ટિવ પોલીસિંગ માટે ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ કરવા તેમજ મોટા જનમેદની વાળા સ્થળો પર ડ્રોન અને સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં ઉપરાંત પોલીસ કર્મચારીઓને ફરજ દરમિયાન 'બોડી-વોર્ન કેમેરા' પહેરવા જણાવાયું છે. આ ઉપરાંત, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કોમી સૌહાર્દ બગાડે તેવા પોસ્ટ્સ, અફવાઓ, ખોટી માહિતી ફેલાવતા તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સતત મોનિટરિંગ રાખવામાં આવશે. તે ઉપરાંત જુલુસ સ્થળોએ સામાન્ય જનતાને કોઈ મુશ્કેલી ન પડે તે રીતે ટ્રાફિક અને ક્રાઉડ મેનેજમેન્ટની વ્યવસ્થા કરવા આદેશ આપવામાં આવ્યા છે. આ બેઠકમાં રાજયના તમામ પોલીસ કમિશનરશ્રીઓ, રેન્જ વડાશ્રીઓ અને જિલ્લા પોલીસ વડાશ્રીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ સમારકામ કાર્ય**

સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (કોચિંગ) મુંબઈ સેન્ટ્રલ-40008, નીચે મુજબ આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર.નં. | ટેન્ડર સૂચના નંબર અને તારીખ | કામનું નામ | કામનો અંદાજિત ખર્ચ ₹ | EMD ₹ |
|---|---|---|---|---|
| 1. | WR-MMCT 0ECOA(ECTD) /59/2025 0/0 SRDEE/CHG/ MMCT/WR (કોમ્પ્યુટર નં. 685694) | મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, વલસાડ, સુરત, ઉધના કોચિંગ ડેપોની વિવિધ પ્રાથમિક ટ્રેનો સાથે જોડાયેલ મેસર્સ ગ્રીવ્સ કોટન મેક-એક્સ્યુલેટેડ ડીજી સેટ (CPCB1-CPCB2) પાવર કારની એસ્કોર્ટિંગ અને ટ્રીપ શેડ્યૂલ જાળવણી ફરજ બે વર્ષ માટે. | 6,81,92,616.26 | 13,63,900/- |
| 2. | WR-MMCT 0ECOA (ECTD) /60/2025 0/0 SRDEE/CHG/ MMCT/WR (કોમ્પ્યુટર નં. 686163) | મેસર્સ KOEL ની એસ્કોર્ટિંગ અને ટ્રીપ શેડ્યૂલ જાળવણી ફરજ બે વર્ષ માટે મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, વલસાડ, સુરત, ઉધના કોચિંગ ડેપોની વિવિધ પ્રાથમિક ટ્રેનો સાથે જોડાયેલ મેસર્સ DG સેટ પાવર કાર બનાવે છે. | 9,67,26,901.92 | 19,34,500/- |
| 3. | WR-MMCT 0ECOA (ECTD) /30/2025 0/0 SRDEE/CHG / MMCT/WR (કોમ્પ્યુટર નં. 658838) | મુંબઈ સેન્ટ્રલ, બાંદ્રા ટર્મિનસ, વલસાડ, સુરત, ઉધના ડેપોથી મુંબઈ ડિવિઝનમાં જોડાયેલ પાવર કારમાં સજ્જ મેસર્સ કમિન્સ મેક-એક્સ્યુલેટેડ ડીજી સેટના ચેક/ટ્રીપ જાળવણી સમયપત્રક સાથે એસ્કોર્ટિંગ ફરજ બે વર્ષ માટે. | 21,51,29,174.21/- | 43,02,600/- |
| 4. | WR-MMCT 0ECOA(ECTD) / 28/2025 0/0 SRDEE/CHG/ MMCT/WR (કોમ્પ્યુટર નં. 658244) | મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનમાં હાઇ કેપેસિટીવ પાવર કારમાં ફીટ કરાયેલ મેસર્સ કમિન્સ મોડેલ KTAA19G10 CPCB-II મેક-એક્સ્યુલેટેડ DA સેટનું પુનર્વસન. | 1,34,76,806.80 | 2,69,500/- |
| 5. | WR-MMCT 0ECOA(ECTD) /5/2026 O/o SRDEE/CHG/ MMCT/WR (કોમ્પ્યુટર નં. 720105) | મુંબઈ ડિવિઝનના બાંદ્રા ટર્મિનસ કોચિંગ ડેપોના છત પર માઉન્ટેડ ડિઝાઇનના LHB પ્રકારના અને SG એસી કોચ પર ફીટ કરાયેલા વિવિધ મેકના એસી પેકેજ યુનિટનો વાર્ષિક જાળવણી કરાર એક વર્ષના સમયગાળા માટે. | 6,35,98,097.24 | 12,72,000/- |

ઉપરોક્ત ટેન્ડરો માટે ક્રમાંક 1થી 4, સબમિશનની તારીખ અને સમય: તા.20.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.20.07.2026 ના રોજ 15:30 કલાકે. અને ટેન્ડર ક્રમાંક 5, સબમિશનની તારીખ અને સમય: તા.22.07.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.22.07.2026 ના રોજ 15:30 કલાકે. નોંધ: - વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0291

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

### દેશભરમાંથી રોજે રોજ ગુમ થતા બાળકો?

# માનવ તસ્કરી સામે કડક કાયદો હોવા છતાં, દેશભરમાં ફેલાયેલી છે બાળ ઉઠાંતરી કરતી ગેંગ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આપણા દેશમાં નેશનલ ક્રાઈમ બ્યુરો રેકોર્ડ્સ દ્વારા (NCBR) દર વર્ષે આંકડા જારી કરાય છે. જો એ આંકડા નો અભ્યાસ કરવામાં આવે તો ખ્યાલ આવે કે ખરેખર કેટલી મોટી સંખ્યામાં બાળ તસ્કરી થઈ રહી છે.આમાં જો ઘરેથી ભાગી ગયા હોય, અથવા ભૂલા પડી ગયા હોય કે વિખૂટા પડી ગયા હોય એવા બાળકો તો મોટેભાગે મળી આવે છે પરંતુ જેઓ ખરેખર કોઈ ઉઠાંતરી કરનાર ટોળકીનો શિકાર બની ગયા હોય એવા બાળકોનું મળી આવવું ખૂબ જ મુશ્કેલ છે. અને ચોંકાવનારી બાબત તો એ છે કે બાળ તસ્કરીનો આવો અપરાધ દેશભરમાં ઠેર ઠેર ચાલી રહ્યો છે. આમ દેશમાંથી દરરોજ એટલા બાળકો ગુમ થાય છે કે જો એનો રાષ્ટ્રીય આંકડો ચકાસવામાં આવે તો ચોંકી જવાય. જોકે આજકાલ નવી ટેકનોલોજીના કારણે ઘણા બાળક મળી પણ જાય છે. પરંતુ નહીં મળનારા બાળકોની સંખ્યા પણ ખૂબ મોટી છે જે ચિંતાજનક બાબત છે.

હમણાં થોડા સમય પહેલા ઉત્તર ગુજરાતમાંથી પણ બાળ તસ્કરીનું કૌભાંડ બહાર આવ્યું હતું. કોઈ હોસ્પિટલના સ્ટાફના મેળાપીપણામાં નવજાત શિશુઓની ઊઠાંતરી થઈ હતી. લાખો રૂપિયામાં બાળકોને વેચીને કમાણી કરતી ગેંગોના સમાચારો છાશવારે ચમકતા જ રહે છે. સરકારના અનેક દાવાઓ છતાં દેશમાં બાળ તસ્કરી હજુ પણ બેકાબું છે. તેનું નેટવર્ક ફક્ત દેશની અંદર જ નહીં પરંતુ સરહદોની પેલે પાર પણ ફેલાયેલું છે. વિવિધ રાજયોમાં કાર્યરત ગેંગ બાળકોથી લઈને નવજાત શિશુઓ સુધીના બાળકોનું અપહરણ કરે છે અને પછી તેમનો વેપાર કરે છે.

અને નવાની વાત તો એ છે કે આ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ વ્યક્તિઓમાં તબીબી વ્યવસાયીઓ પણ સંકળાયેલા છે. અહીં પ્રશ્ન એ છે કે માનવ તસ્કરી સામે કડક કાયદા હોવા છતાં આ ગેંગ બાળકોનું આટલી સરળતાથી અપહરણ અને વેપાર કેવી રીતે કરે છે? તેમાં કોઈ શંકા નથી કે આ પોલીસ અને ચાંપતી નજર રાખવાની પ્રણાલીમાં ખામી ફરજમાં બેદરકારીનું પરિણામ છે. વળી હજુ પણ કોને ખબર કેટલી આવી ટોળકીઓ સક્રિય હશે, કેમ કે દેશમાં આજે પણ બાળકોના ગુમ થવાના કે ઉઠાંતરીના બનાવો જારી જ છે.

# લોખંડનો ખીલો ગળી ગયેલી ગાયના મોંમાંથી ડોક્ટરોએ ચુંબક વડે જ ખીલો બહાર કાઢી નાખ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

શહેરમાં રસ્તે રખડતા પશુઓ રસ્તામાં પડેલા કચરામાંથી ખાવાનું શોધતા હોય છે. અને એ ખાવામાં ઘણીવાર પ્લાસ્ટિક અને વાળના ગુંચળા પશુઓ ખાઈ જવાના અને પાછળથી એમના પેટમાંથી નીકળવાના બનાવો તો નોંધાયા છે. અને એવા કિસ્સાઓ અખબારોમાં પણ ચમક્યા હોય છે. પરંતુ અહીં તો રાજસ્થાનમાં એક ગાય ચારાની સાથે ખીલો પણ ગળી ગઈ હતી. એને કારણે ગાયની હાલત કથળી ગઈ હતી. ચારો ખાધા પછી હજી ખીલો તેના જઠરમાં જ પડેલો હતો. આવા કેસમાં બે સંભાવનાઓ રહે છે એક તો સર્જરી કરીને જ્યાં ખીલો ફસાયો હોય ત્યાંથી કાઢવો. બીજો વિકલ્પ છે એ મળ વાટે બહાર નીકળે તેની રાહ જોવી. જો કે ખીલો લોખંડનો હતો અને ધારદાર હતો એને કારણે જો પેટમાં આંતરિક અવયવોને ફાડીને એ કેવીટીમાં જતો રહે તો ગાયને બચાવવી મુશ્કેલ થઈ જાય છે. એવામાં રાજસ્થાનના ડોક્ટરોએ જુગાડ જેવો નુસખો અપનાવ્યો. મેટલ ડિટેક્ટર ની મદદથી પહેલા તો એ શોધ્યું કે ખીલો ગાયના પેટમાં ક્યાં સુધી પહોંચ્યો છે. મેટર ડિટેક્ટરમાં ખબર પડી કે હજી જઠર પાસે જ છે એટલે ડોક્ટરોએ સાદો જુગાડ ચુંબકનો લગાવ્યો. જેમ માણસોમાં સાધન નાંખીને જઠરના ભાગની એન્ડોસ્કોપી કરવામાં આવે છે એવું જ કંઈક પશુ નિષ્ણાંતોએ ગાય સાથે કર્યું. જોકે આ સાધનમાં છેવાડે અત્યાધુનિક ધ્વનિક સાધનોની જગ્યાએ એક મજબૂત મેગ્નેટ ચીપકાવવામાં આવ્યું હતું. ગાયના મોમાં આ નળી નાખવામાં આવી. અંદરનો ખીલો ચુંબક ને ચોંટી ગયો. એ પછી ધીમે ધીમે મોંમાથી જ એને બહાર કાઢી લેવાયો. આ દરમિયાન ગાય જરાય માથું ન હલાવે એ માટે તેના માથાને ઝાડ સાથે બાંધી દેવામાં આવ્યું હતું. જેવો ખીલો બહાર નીકળ્યો કે ગાયના ચહેરા પર સુકુન પથરાઈ ગયું હતું અને ગાયે પીડા મુક્ત થઈને હાશકારો અનુભવ્યો હતો.

## રાજકોટના જંગલેશ્વર ડીમોલેશન વેળાએ અધિકારીઓએ કાજુ કતરી અને ખજુરરોલ ઝાપટયા: રૂ.૨૭.૨૦ લાખનો બિલ મંજુર કરવા માટે સ્ટેન્ડીંગ કમિટીમાં રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

માનવતા છોડી ડીમોલેશન ફરજમાં રોકાયેલા સ્ટાફે ગાંઠીયા, જલેબી, પૌંઆ, ખમણ, સમોસા, વેફર, સ્પેશ્યલ લંચ ડીસ, ચા-કોફી સહિત કાજુ કતરી માણી હતી,



રાજકોટના જંગલેશ્વર ડિમોલીશન વેળાઓ અફસરોએ ઝાપટ્યાં કાજુ કતરી-ખજુર રોલ

શહેરના વોર્ડ નં.૧૬ માં ગત ફેબ્રુઆરી મહિનામાં કોર્પોરેશન દ્વારા મેગા ડીમોલેશન હાથ ધરવામાં આવ્યુ હતું. જેમાં ૧૫૦૦ થી વધુ બાંધકામોને જમીનદોસ્ત કરી દેવામાં આવ્યા હતા. એકતરફ ગરીબ અને લાચાર લોકોના આસરા તુટી રહ્યા હતા તો બીજી તરફ કોર્પોરેશન, પોલીસ વિભાગ, પીજીવીસીએલ સહિતના સરકારી કર્મચારીઓ અને અધિકારીઓએ રસપ્રચુર ખાણાની મોજ માણી હતી. ડીમોલેશન દરમિયાન ૬ દિવસમાં ફુડ સપ્લાયનુ રૂપીયા ૨૭.૨૦ લાખનો ખર્ચ થયો હતો. જે મંજુર કરવા માટે સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ દરખાસ્ત રજુ કરવામાં આવી છે. આજે મળનારી ખડી સમિતિનીમાં બેઠકમાં અલગ અલગ ૯ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે. ડીમોલેશન દરમિયાન લાચાર લોકોની પેટની ભુખ સંપૂર્ણપણે મરી ગઈ હતી પરંતુ જે લોકો ડીમોલેશનની ફરજમાં રોકાયા હતા તેવા અલગ અલગ સરકારી કચેરીઓના સ્ટાફે ભરપેટ લીજજતદાર ખાણાની મોજ માણી હતી. હદ તો એ વાત ની થાય છે કે જો સામાન્ય ફુડ પાર્સલ મંગાવ્યુ હોત તો તેની સામે કોઈપણ પ્રકારનો વિરોધ ન ઉભો થાત, પરંતુ જે રીતે અધિકારીઓ ડીમોલેશનની સંવેદનશીલ કામગીરીમાં પણ પોતાના મોઢા પર કાબુ રાખી શકયા ન હતા તે વાત સૌથી નિંદનીય છે. ૨૫ ફેબ્રુઆરીના રોજ અધિકારીઓ માટે કાજુ કતરી, ખજુર રોલ, ખમણ, સમોસા, વેફર અને ચા-કોફી જેવો ખોરાક મંગાવવામાં આવ્યો હતો.

આ ઉપરાંત ગાંઠીયા, જલેબી, પૌંઆ, સ્પેશ્યલ લંચ ડીસ, મસાલા છાશ, આદુ-લીંબુ સરબત અને સરબતની બોટલો પણ મંગાવવામાં આવી હતી, ૨૧ ફેબ્રુઆરી થી લઈ ૨૭ ફેબ્રુઆરી સુધી ચાલેલા ડીમોલેશનમાં વિશ્વાસ ફુડ ના હાજી ઈસ્માઈલભાઈ, આરાધના ટી ના એડી પાગખાંગીયા, પ્રેમવતી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્ટાફ માટે ફુડ પેકેટ, ચા, બિસ્કીટ, મીઠાઈ, ગાંઠીયા, જલેબી, પૌંઆ જેવો નાસ્તો સ્પેશ્યલ લંચ ડીસ અને મસાલા છાશ સપ્લાય કરવામાં આવી હતી. જેનુ બીલ રૂપીયા ૨૭.૨૦ લાખ જેવુ થવા પામે છે. જે ખર્ચ મંજુર કરવા સ્ટેન્ડીંગ કમિટીમાં રજુઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ગઈ તારીખ ૧૧ મે ના રોજ પ્રધાનમંત્રીની વિશેષ ઉપસ્થિતિમાં સોમનાથ ખાતે યોજાયેલા સ્વાભિમાન પર્વમાં રાજકોટથી સોમનાથ ગયેલા શહેરીજનોને ફુડ પેકેટ આપવામાં આવ્યા હતા. ૪૧૦૦ નંગ ફુડ પેકેટમાં પૌંઆ, ચવાણુ, ભાખરી, ચટણી, સોનપાપડી અને જીરા સોડા નો સમાવેશ થતો હતો. જેનો ખર્ચ રૂપીયા ૪.૫૦ લાખ જેવો થવા જાય છે. જે મંજુર કરવા સ્ટેન્ડીંગ કમિટીમાં દરખાસ્ત રજુ કરાઈ છે. આજે મંગળવારે મળનારી સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં અલગ અલગ ૯ દરખાસ્તો અંગે નિર્ણય લેવામાં આવશે.

## ચાંગોદરમાં બ્લડ પ્લાઝમાં બેગમાં ભેળસેળ કરતુ રેકેટ ઝડપાયું : ૪ આરોપી જબ્બે

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ ગ્રામ્ય એસઓજી એ ચાંગોદર વિસ્તારમાં ફાર્મા કંપનીઓમાં સપ્લાય થતા બ્લડ પ્લાઝમાં યુનિટમાં ભેળસેળ કરીને ગેરકાયદે આર્થિક લાભ મેળવતા એક મોટા રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે આ કેસમાં મુખ્ય સુત્રધાર સહિત કુલ ૪ આરોપીઓની ધરપકડ કરી અંદાજે રૂપીયા ૧૨.૦૬ લાખનો મુદ્દામાલ જપ્તો કર્યો છે.

પોલીસને મળેલી ચોકકસ બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યુ હતુ કે મુખ્ય આરોપી દિનેશભાઈ ઉમાભાઈ ચૌધરી જેને ફાર્માસ્યુટીકલ ક્ષેત્રમાં બ્લડ પ્લાઝમાં કલેકશન સંબંધિત અનુભવ હતો. તેણે પોતાના જ્ઞાનનો ઉપયોગ કરીને અસલી પ્લાઝમાં યુનિટ કાઢી તેની જગ્યાએ ભેળસેળયુકત પ્લાઝમાં બેગ ગોઠવવાનુ કાવતરૂ રચ્યુ હતું. તપાસમાં જાણવા મળ્યુ હતુ કે બ્લડ પ્લાઝમાં કલેકશન વાહનના ડ્રાઈવર અને કો-ડ્રાઈવર આરોપીઓને અગાઉથી માહિતી આપતા હતા કે કયા વિસ્તારમાંથી પ્લાઝમાં કલેકશન થવાનુ છે. ત્યારબાદ મુખ્ય આરોપી જરૂરી સંખ્યામાં ભેળસેળવાળા પ્લાઝમાં યુનિટ તૈયાર રાખતો હતો. જયારે કલેકશન થયેલા અસલી પ્લાઝમાં યુનિટ કંપનીમાં પહોચાડવાના હોય ત્યારે વાહનને પહેલા આરોપીના ઘરે લઈ જવાતુ હતું. ત્યાં સારી ગુણવત્તાવાળા અસલી પ્લાઝમાં યુનિટ અલગ કરી દેવામાં આવતા અને તેની જગ્યાએ ભેળસેળવાળા યુનિટ મુકી કંપનીમાં સપ્લાય કરવામાં આવતા હતા.

ચાંગોદર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુન્હો નોંધાયા બાદ કેસની તપાસ એસઓજી ને સોંપવામાં આવી છે.




તપાસ દરમિયાન આરોપીઓના રીમાન્ડ મેળવી મહારાષ્ટ્ર સુધી તપાસનો વ્યાપ વધારવામાં આવ્યો છે. પોલીસે રેકેટના મુખ્ય સુત્રધારને પણ ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પોલીસ કાર્યવાહી દરમિયાન ૧૧૪૦ બ્લડ પ્લાઝમાં, ડીપ ફ્રિઝર, સીલીંગ મશીન, કેમીકલ બોટલ્સ, ખાલી પ્લાઝમાં બેગ્સ અને એક મહિન્દ્રા બોલેરો પીકઅપ વાન સહિત કુલ રૂપીયા ૧૨.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીઓમાં (૧) દિનેશભાઈ ઉમાભાઈ ચૌધરી રહે. ધાનેરા જી. બનાસકાંઠા (૨) મોહન દાજીબા ગાયકવાડ રહે. વાસીમ મહારાષ્ટ્ર (૩) રફીકભાઈ સાલમભાઈ રહે. ધોળકા જી.અમદાવાદ (૪) જીતેન્દ્રભાઈ બળદેવભાઈ સોલંકી રહે. ધોળકા જી. અમદાવાદ

## કડીમાં ફોર્ચ્યુનર ગાડીમાં ભેંસો ઉઠાવી જઈ કતલ કરનાર ટોળકીનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

કડીના બલાસર કોલોની વિસ્તારમાંથી ભેંસો ચોરીને તેની કતલ કરવાના ગુનાનો ભેદ કડી પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી દીધો છે. પોલીસે ગુનામાં સંડોવાયેલા એક આરોપીને વૈભવી ફોર્ચ્યુનર ગાડી સાથે ઝડપી લીધો છે, જ્યારે અમદાવાદના અન્ય ત્રણ સાગરીતોને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ હાથ ધરી છે.કડી તાલુકાની બલાસર કોલોનીમાં રહેતા ગોવિંદભાઈ રબારીના મકાન પાછળના તેમના વાડામાંથી ૧૫ જૂને રાત્રે તસ્કરો ત્રણ ભેંસો ચોરી ગયા હતા અને નજીકના તળાવ કિનારે ભેંસોની કતલ કરી માંસ લઈ ગયા હતા. કડી પીઆઈ એ.એસ.રબારી અને તેમની ટીમે વિસ્તારના સીસીટીવી ફૂટેજ ચેક કરતાં એક શંકાસ્પદ સફેદ રંગની ટોયોટા ફોર્ચ્યુનર ગાડી નજરે પડી હતી. હ્યુમન સોર્સથી તપાસ દરમિયાન પો.કો. રાજુભાઈને મળેલી બાતમી આધારે કડી-છત્રાલ રોડ પર વોચ ગોઠવીને પોલીસે ગુનામાં વપરાયેલી ફોર્ચ્યુનર ગાડી સાથે શાહરૂખ બાબુભાઈ મેમણ (રહે. શાહઆલમ, અમદાવાદ)ને ઝડપી લીધો હતો. તેણે કબૂલાત કરી હતી કે, આ ગાડી શેખ આસીફ ઉર્ફે કોમલની છે.

### આદિવાસી સમાજનો અવાજ અને આશાનુ કિરણ : ચૈતર વસાવા

# આદિવાસી નેતા ચૈતર વસાવા ઝુકશે નહી: આમ આદમી પાર્ટી હાઈકોર્ટ થી લઈને સુપ્રિમ કોર્ટ સુધી લડશે: ગોપાલ ઈટાલીયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આદિવાસી સમાજના હક્ક અને અધિકારો માટે અવાજ ઉઠાવનારા આમ આદમી પાર્ટીના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાને લઈને આજે એક ખુબ જ મહત્વના સમાચાર પ્રાપ્ત થયા છે. ચૈતર વસાવા સામે થયેલી કાયદાકીય કાર્યવાહી અને સજાના મુદ્દે આમ આદમી પાર્ટીના અગ્રણી નેતા અને ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે.




ગોપાલ ઈટાલીયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ હતુ કે ચૈતર વસાવા ગુજરાતનો હીરો છે અને રહેશે, સરકારી તંત્રનો દુરુપયોગ કરીને તેમને દબાવવાનુ આ એક રાજકીય ષડયંત્ર છે, ગોપાલ ઈટાલીયાએ પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે ગુજરાતભરમાં છેલ્લા કેટલાય સમયથી આદિવાસી સમાજ સાથે અન્યાય થઈ રહ્યો છે. તેમની જમીનો પડાવી લેવામાં આવી રહી છે. આદિવાસી બાળકોના સ્કોલરશીપ નો મુદ્દો હોય કે ગ્રામ પંચાયતોની સહાયતાનો વિષય આ તમામ મુદ્દાઓ પર અત્યાર સુધી આદિવાસીઓ પર અત્યાચાર ગુજારવામાં આવતો હતો, આવા કપરા સમયમાં ચૈતર વસાવા આદિવાસી યુવાનો અને સમગ્ર સમાજ માટે એક આશાનુ કિરણ અને મજબુત અવાજ બનીને ઉભરી આવ્યા છે. તેમણે આદિવાસીઓના તમામ મુદ્દાઓ પર ન્યાય અપાવવા માટે ગ્રાઉન્ડ લેવલ પર મોટી લડત લડી છે. ઈટાલીયાએ વધુમાં જણાવ્યુ હતુ કે ચૈતર વસાવાએ કયારેય ભાજપ સામે ઘુંટણ ટેકવ્યા નથી, આ જ કારણે આદિવાસી સમાજે પોતાના સાચા નેતાને ઓળખીને નર્મદા જિલ્લા પંચાયતની સત્તા પણ આમ આદમી પાર્ટીને સોંપી છે.

ભાજપ સરકાર પર આક્ષેપ કરતા આમ આદમી પાર્ટીના નેતાએ કહ્યુ હતુ કે ભાજપના માણસોએ આદિવાસી વિસ્તારમાં ન કરવાના ધંધા કર્યા છે. ગૃહ મંત્રીએ પોતે ડેડીયાપાડા જઈને સભાઓ કરવી પડી, જે દર્શાવે છે કે તેઓ ચૈતર વસાવાની લોકપ્રિયતાથી કેટલા ડરી ગયા છે. ચૈતર વસાવાને તોડવા અને ભાજપમાં ભેળવી દેવા માટે છેલ્લા બે વરસથી અનેક પ્રપંચો અને ખોટા કેસ ઉભા કરવામાં આવ્યા, તેમના પર ભારે દબાણ કરવામાં આવ્યુ અને અંતે જેલમાં પણ નાખવામાં આવ્યા, ઈટાલીયાએ કોર્ટની કાર્યવાહી અને સરકારી પંચો સામે સવાલ ઉઠાવતા કહ્યુ હતુ કે સાક્ષી પણ સરકારી, પોલીસ પણ સરકારી અને પંચ પણ સરકારી, આ નો સીધો મતલબ એ છે કે સત્તાધારી ભાજપ પક્ષે આખા સરકારી તંત્રનો બેફામ દુરુપયોગ કર્યો છે. ચૈતર વસાવાને સજા કરાવીને આદિવાસી સમાજના અવાજને દબાવવાનો આ એક મોટો ખેલ છે.

ભાજપે ઘડેલા આ આખા ષડયંત્રને કારણે આજે સમગ્ર ગુજરાતનો આદિવાસી સમાજ અત્યંત નારાજ અને ગુસ્સામાં છે. આદિવાસી સમાજ પોતાના નેતા સાથે ખડતલ રીતે ઉભો છે. ભાજપે સત્તાના જોરે જે અન્યાય કર્યો છે તેનો જડબાતોડ જવાબ આદિવાસી સમાજ આગામી દિવસોમાં આપશે. ગોપાલ ઈટાલીયાએ પક્ષ વતી મજબુત ખાત્રી આપતા જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટી અને સમગ્ર આદિવાસી સમાજ ધારાસભ્ય ચૈતર વસાવાની સાથે છે. આ અન્યાય સામે અમારી દિલ્હી અને ગુજરાતની સર્વોચ્ચ કાયદાકીય ટીમ સંપૂર્ણપણે સક્રિય થઈ ગઈ છે. અમે આ બાબતે બિલકુલ પીછેહઠ કરવાના નથી. જરૂર પડશે ત્યાં અમે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સુધી જઈશુ અને ન્યાયની માંગણી કરીશું. ટુંકમાં આમ આદમી પાર્ટી અત્યારે પુરેપુરા લડી લેવાના મુડમાં છે અને ચૈતર વસાવાને ન્યાય અપાવીને જ જંપશે.

### પત્ની બહાર ગઈ અને એકલતાનો લાભ લઈ પગલુ ભર્યુ : ગાંધીનગરમાં ૬ મહિનામાં બીજી ઘટના

## ગાંધીનગરમાં યુવા એલઆરડી જવાને ઘરમાં ગળે ફાંસો ખાધો: સેકટર-૭ ની ઘટના બાદ વધુ એક કોન્સ્ટેબલનો આપઘાત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ મથકમાં ફરજ બજાવતા યુવા પોલીસકર્મી એ ઘરમાં ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવી દેતા સમગ્ર પોલીસ બેડામાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. વર્ષ ૨૦૨૬ ની શરૂઆતમાં જ સેકટર -૭ ના હેડ કોન્સ્ટેબલના આપઘાત બાદ સર્જાયેલી આ બીજી ઘટનાએ પોલીસ કર્મચારીઓ પર રહેલા અતિશય કાર્યભાર અને માનસિક તણાવના ગંભીર મુદ્દાને ફરી એકવાર ચર્ચાના એરણે લાવી દીધો છે. મળતી માહિતી અનુસાર મુળ મહેસાણા જિલ્લાના વતની અને છેલ્લા બે વરસથી માણસા પોલીસ સ્ટેશનમાં લોક રક્ષક દળ તરીકે ફરજ બજાવતા ૨૮ વર્ષીય પર્વ ગૌસ્વામી ગાંધીનગરના ગ્રામ ભારતી ચોકડી પાસે આવેલી સ્વપ્નસીલ સોસાયટીમાં પત્ની અને એક નાના પુત્ર સાથે રહેતા હતા. ગઈ કાલે રાત્રે જયારે તેમના પત્ની કોઈ કામ અર્થે થોડા સમય માટે ઘરની બહાર ગયા હતા. ત્યારે એકલતાનો લાભ લઈ પર્વ એ ઘરમાં ગળે ફાંસો ખાઈ લીધો હતો. પત્ની જયારે પરત ફરી ત્યારે પતિને આ હાલતમાં જોઈ સ્તબ્ધ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા જ માણસા પોલીસનો ઉચ્ચ કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં આ આત્મઘાતી પગલા પાછળ પારીવારીક વિખવાદ કારણભુત હોવાનુ પ્રાથમિક તબકકે ચર્ચાઈ રહ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં પોલીસ જવાનો દ્વારા આપઘાતના કિસ્સાઓ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. વર્ષ ૨૦૨૬ ની શરૂઆતમાં જ સેકટર-૭ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ વાઘેલાએ પણ પેથાપુર માં પોતાના ઘરે આ જ રીતે ગળે ફાંસો ખાઈને જીવન ટુંકાવ્યુ હતું. આ આઘાત હજુ શમ્યો નથી ત્યાં વધુ એક યુવા આશાસ્પદ પોલીસકર્મી ના મોતના સમાચાર થી પોલીસ પરીવાર શોકગ્રસ્ત બન્યો છે. આ સતત બની રહેલી ઘટનાઓને પગલે પોલીસતંત્રની કાર્યશેલી અને જવાનોની માનસિક સ્થિતિ પર સવાલો ઉભા થઈ રહ્યા છે. આવી ઘટનાઓ પાછળ પોલીસ વિભાગનો અતિશય કાર્યભાર, સતત ફરજ, વીઆઈપી બંદોબસ્તનુ દબાણ અને તહેવારોમાં પણ પરીવારથી દુર રહેવાની મજબુરી મુખ્ય કારણો પ્રજામાં ચર્ચાનુ કારણ બન્યા છે. શારીરિક અને માનસિક રીતે ભાંગી પડતા પોલીસ કર્મચારીઓ માટે વિભાગમાં કોઈ માનસિક સ્વાસ્થ્ય કે નૈતિક સપોર્ટ આપતી વ્યવસ્થા ઉપલબ્ધ નથી. ખાનગી તણાવ અનુભવતા જવાનો પોતાની સમસ્યાઓ વ્યકત ન કરી શકવાના કારણે ડીપ્રેશનનો ભોગ બને છે અને આવા આત્મઘાતી નિર્ણયો લે છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા હવે પોલીસ બેડામાં તાત્કાલીક મેન્ટલ હેલ્થ કાઉન્સેલીંગ સેન્ટર્સ શરૂ કરવા અત્યંત અનિવાર્ય બની ગયા છે.




# પાસ આંદોલનના ૯૦ બાકી કેસો પરત ખેંચવાની દિનેશ બાંભણીયાની સરકાર સમક્ષ માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા બાકી રહેલા પોલીસ કેસોને પરત ખેંચવાની માંગ ફરી એકવાર ચર્ચામાં આવી છે. પાટીદાર સમાજના આગેવાન દિનેશ બાંભણીયાએ રાજય સરકાર સમક્ષ રજુઆત કરીને બાકી રહેલા તમામ કેસો પરત ખેંચવાની માંગ ઉઠાવી છે.



દિનેશ બાંભણીયાના જણાવ્યા અનુસાર પાટીદાર અનામત આંદોલન દરમિયાન નોંધાયેલા મોટા ભાગના કેસો અગાઉ રાજય સરકાર દ્વારા પરત ખેંચવામાં આવ્યા હતા. જો કે હજુ પણ કેટલાક કેસો કાયદાકીય અને ન્યાયીક પ્રક્રિયાઓના કારણે બાકી રહ્યા છે.

આ કેસોમાં અનેક યુવાનો અને આગેવાનો સંકળાયેલા હોવાનુ જણાવવામાં આવી રહ્યુ છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે સુરત શહેર અને જિલ્લામાં નોંધાયેલા અંદાજે ૨૪ જેટલા કેસો હજુ સુધી પરત ખેંચાયા નથી. જયારે સમગ્ર ગુજરાતની વાત કરવામાં આવે તો આશરે ૯૦ જેટલા કેસો હજુ વિવિધ તબકકે બાકી હોવાનુ જણાવવામાં આવી રહ્યુ છે. બાંભણીયાએ દાવો કર્યો છે કે સરકાર દ્વારા અગાઉ બાકી રહેલા કેસો અંગે હકારાત્મક અભિગમ દર્શાવવામાં આવ્યો હતો અને કેસો પરત ખેંચવાની પ્રક્રિયા આગળ વધારવાની બાંહેધરી પણ આપવામાં આવી હતી. છતાં અનેક કેસોમાં હજુ સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી.

પાટીદાર સમાજના આગેવાનોનુ માનવુ છે કે આંદોલન દરમિયાન નોંધાયેલા કેસોને કારણે અનેક યુવાનો વરસોથી કોર્ટ અને કાયદાકીય પ્રક્રિયાનો સામનો કરવો પડી રહ્યો છે તેથી બાકી રહેલા કેસો પર ઝડપી નિર્ણય લઈ તેમને રાહત આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. હાલ આ રજુઆત બાદ રાજય સરકાર અને કાયદાકીય તંત્ર તરફથી શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સમાજ અને આંદોલન સાથે જોડાયેલા લોકોની નજર ટકેલી છે.

# ગરીબ નગર પાસે કાર ચાલકને આંચકી આવતા ગોઝારો અકસ્માત: ૧નું મોત, ૪ લોકો ઈજાગ્રસ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના ગરીબ નગર નજીક આજે સોમવારેની રાત્રે એક ગોઝારો અકસ્માત સર્જાયો છે, પ્રાથમિક માહિતી મુજબ કાર ચલાવી રહેલા ચાલકને અચાનક ખેંચ (આંચકી) આવી જતાં વાહન પરથી કાબૂ ગુમાવ્યો હતો, આ ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ૩ થી ૪ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે અને પોલીસ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.કોઈ કારણોસર સફેદ રંગની હેરિયર કારે કાર ભીડ તરફ ધસી ગઈ હતી. જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકોના ટોળે વળ્યા હતા અને ઈજાગ્રસ્તોની મદદ માટે પોલીસનો સંપર્ક કર્યો હતો. હાલ તો પોલીસે અકસ્માતનું સાચું કારણ જાણવા માટે આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.ડ્રાઈવિંગમાં બેદરકારી જ નહીં જોખમી વળાંક ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીના ઓડિટમાં સામે આવેલી વિગતો અનુસાર વર્ષ ૨૦૨૧થી અમદાવાદના જે સ્થળે સૌથી વધુ અકસ્માતે મોત થયા હોય તેમાં શાંતિપુરા ચાર રસ્તા, નરોડા પાટિયા, ઈસ્કોન રોડ, જુના વાડજ સર્કલનો મુખ્યત્વે સમાવેશ થાય છે. આ હોટ સ્પોટમાં એક્સિડેન્ટ થવાની પદ્ધતિ અને કારણમાં સાતત્ય જોવા મળે છે. જેમાં મુખ્યત્વે ભારે વાહન અને રાહદારી માટે સાંકડો રસ્તો કારણભૂત હોય છે. પબ્લિક ટ્રાન્સપોર્ટ માટેની નવી માળખાગત સુવિધા પણ અકસ્માત માટે મુખ્ય જવાબદાર પરિબળ રહે છે. રબારી કોલોની ચાર રસ્તા પાસે મેટ્રોના પિલરમાં રિફ્લેક્ટિવ શીટ મૂકવામાં આવી નથી. જેના પગલે અકસ્માત સૌથી વધુ થાય છે. નવા ઝેબ્રા ક્રોસિંગ, સ્ટોપ લાઈન્સ પાસે યોગ્ય રિફ્લેક્ટિંગ માર્કિંગ્સ મૂકવા જરૂરી થઈ ગયા છે તેવું નિષ્ણાતોનું માનવું છે. બોપલના વકીલ સાહેબ બ્રિજ પાસે અકસ્માત થવાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.